Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૧૦ • વર્ષ : ૭૭ • ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪
કિંમત : ₹૭ • વાર્ષિક લવાજમ : ₹૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



## અનુક્રમણિકા

અંક-૧૦ • વર્ષ : ૭૭
૧૦ જાન્યુઆરી, ૨૦૨૪

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

સંપાદક મંડળ

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિ સંઘની પાછળ, રીલિફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

➲ નવી આશા સાથેના ઉમંગ સાથે આરંભ થતું વર્ષ – શ્રી વિનોદભાઈ એમ. મકવાણા ૩
➲ ગુજરાત મેન્યુફેક્ચરિંગ, ફિનટેકમાં વૈશ્વિક પગદંડો જમાવશે ૫
➲ સૂર્યનમસ્કાર કરો અને નીરોગ રહો – યોગસાધક શ્રી કિરણ ચાંપાનરી ૯
➲ ઉજ્જવળ ભવિષ્ય તરફ : ભારતની જી૨૦ અધ્યક્ષતા અને નવા બહુપક્ષીયવાદનો ઉદય ૧૨
➲ કૃષિ સેવા સહકારી મંડળીને ગ્રામ્ય હાટ બનાવવી – શ્રી ડી.બી.ગોટી ૧૫
➲ કોઈપણ પ્રવૃતિ કે ધંધામાં નફો શા માટે આવશ્યક છે..? – પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૧૭
➲ દાન એટલે નારાયણ પણું – શ્રી નવિન વી. વાછાણી ૨૦
➲ સાઈબર ક્રાઈમથી સાવધાન ૨૧
➲ દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયા સુધી તેની પહોંચને બનાવવા માટે મંજૂરી આપી ૨૪
➲ ટકાઉ ખેતીમાં જમીન આરોગ્ય પત્રકની ઉપયોગીતા – શ્રી ભાવિક જે. પ્રજાપતિ તેમજ અન્ય... ૨૮
➲ રાષ્ટ્ર ઘડવૈયા જગદ્ ગુરૂ સ્વામીશ્રી રામાનંદાચાર્યજી – ડો.કિશોર સાધુ ૩૧

## ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. • લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

# નવી આશા સાથેના ઉમંગ સાથે આરંભ થતું વર્ષ

દિલ હે છોટા સા, છોટી સી આશા,
મસ્તી ભરે મન કી, ભોલી સી આશા
ચાંદ તારો કોં છૂને કી આશા
આસામનો મેં ઉડને કી આશા -
દિલ હે છોટા સા....

આ જગતમાં જન્મ લેનાર દરેક બાળક નવા ઊમંગ- નવી આશા સાથે જન્મ લે છે. જીવનની આ ઘટમાળમાં કંઈક એવું તત્વ છે, જે મનુષ્યને જીવન જીવવા માટે પ્રેરે છે. આ જીવનમાં પ્રેરણા આપનાર-ટોનિકનું નામ છે, ''આશા'', Hope. આશા શબ્દનો અર્થ - હેતુ - ઈચ્છા થાય. જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી આશા જીવંત છે. આથી રવિન્દ્રનાથ ટાગોરે લખ્યું કે, ''પરમ તત્વને હજી પણ મનુષ્ય પર ભરોસો છે, શ્રદ્ધા છે એટલે જ તે નવા બાળકોને પૃથ્વી પર મોકલી રહ્યો છે.'' ઈશ્વરની આ આશા ઠગારી ન નીવડે તે હેતુથી પણ મનુષ્ય એ આશાવાન અને શ્રદ્ધાવાન હોવું ઘટે.

આશા અંગે એક સંસ્કૃતમાં સુભાષિત છે. આશાનામ મનુષ્યાણામ... આશા નામનું મનુષ્ય સાથેનું બંધન કે શૃંખલા અદ્દભૂત બંધન છે. આ બંધનથી બંધાયેલો માણસ દોડવા લાગે છે. તો આ બંધનથી મુક્ત થયેલ માણસ અપંગની જેમ સ્થિર થઈ જાય છે. આશાની સાથે શ્રદ્ધા જોડીને આશાના ભક્ત બનવું જોઈએ. આશામાં આશા એ આપણો જીવન પરત્વેનો વિશ્વાસ છે. એમાં આપણી કૃતજ્ઞતાની લાગણી પણ ભળેલી છે. અપેક્ષા અને આશા વચ્ચે , આપણી લાયકાતને સ્વીકારી વિવેકને આધીન નિર્ણય લેવાનો છે. આશા જ આપણને ભવિષ્ય તરફ આગળ વધવાની અગ્રેસર ભૂમિકા પ્રક્રિયા પૂરી પાડે છે. આશા એ ફૂલ વિના મધ બનાવનારી મધમાખી છે આશાનું મહાત્મય દર્શાવતા અમૃત ઘાયલ લખે છે,

વલણ એક સરખું રાખું છુ, આશા-
નિરાશામાં,
બરાબર ભાગ લઉં છુ,
જિંદગી ના સૌ તમાસામાં,
સદા જીતું છું, એવું નથી હારુ છું,બહુધા પણ,
નથી હું હારને પલટાવવા દેતો નિરાશામાં...

આશાનું મહત્વ સમજાવતા ચિંતકો કહે છે, આશાવાદ એ દરેક સજીવો માટે અમૃત સમાન છે. આશાને કારણે જ સમગ્ર સૃષ્ટિની ઘટમાળ ચાલ્યા કરતી હોય તેમ લાગે છે. છોડને સૂર્યપ્રકાશથી નવી કૂંપળ ફૂટવાની આશા છે , પાંદડું ઝાકળ બિંદુને મળશે એવી આશા સેવીને લીલાશ સાચવીને બેઠું છે. ગમાણમાં બાંધેલી ગાય કે ભેંસને તેનો માલિક હમણાં આવીને લીલોછમ ચારો નાખશે તેવી આશા છે . સત્ય અને અહિંસાના ધારદાર શસ્ત્રથી, અંગ્રેજો ભારત છોડવા મજબુર થશે, આવી મહા આશા સાથે ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો. આમ આશાવાદથી મનુષ્યના જીવનમાં શક્તિનો સંચાર થાય છે.

**– શ્રી વિનોદભાઈ એમ. મકવાણા**
નિવૃત- રાજ્યવેરા અધિકારી
રાજકોટ - ૯૪૨૭૨૦૦૦૯૬

આમ આશાવાદ માણસો માટે આશા એ દૂર હમેશ જલતી જ્યોત છે. સાંજ પડે થકી સવાર થશે જ તેવી આશાએ મનુષ્ય ઊંઘી શકે છે. આશાને કારણે કેટકેટલા પાત્રો અમર થઈ ગયા છે? જેમકે રામાયણની શબરીની જેમ રામદર્શન થી આશા હોય કે, પછી ધૂમકેતુની પોસ્ટ ઓફિસ વાર્તામાં અલી કોચમેનને મરિયમના પોસ્ટ કાર્ડની આશ હોય. આશા એ અનેક મહાન માણસોનું નિર્માણ કરેલ છે. આશાની આરાધના કોઈ દિવસ નિષ્ફળ જતી નથી. કંઈક ને કંઈક પ્રાપ્ત થાય છે. આથી આશાને અમર કહી છે. માણસ જીવે ત્યાં સુધી આશા રાખે છે . આજ વાર્તાને આદિલ મન્સૂરી કહે છે, '' રહેવા દો દરવાજા ખુલ્લા હવે, છે આશા હજી એક જણ આવશે.''

વિરહ- દુઃખમાં સૌથી વધુ પ્રેરક તત્વ આશા છે. દિવસો બદલાશે, ગમતી વ્યક્તિ આવશે જ .. આ આશા એક ભવમાં કેટકેટલા સપનાઓ સજાવી આશ્વાસન આપનાર એક માત્ર તારણ અને કારણ આશા છે. આશાવાન મનુષ્ય પણ અન્યને આશાવાન બનાવી શકે છે. આશા એ એવું સત્તર છે કે જે સૂંઘવાથી મનુષ્યનું જીવન અત્તરથી સીત્તેર સુધી મધમધ થયા કરે છે. જ્યાં આશા નથી ત્યાં પ્રયાસો પણ નથી. આશાના આકાશમાં પ્રયાસોની પાંખ ફેલાવી ઉડવાથી મંજિલ મળી જાય છે જ્યાં આશા છે ત્યાં જીવન નંદનવન છે.

નિરાશાવાદી માણસ ઉન્નતિ પ્રગતિના પંથે આગળ વધી શકતો નથી. તત્વસિદ્ધિમાં બાધક બને છે. આથી દુઃ ખી થાય છે, માણસના જીવનમાં જોવા મળતા ભય, ચિંતાના મૂળ કારણમાં વધુ પડતી પોતાની હોંશિયારી, આશા, ઈચ્છાની અપેક્ષાઓ. આ માટે માણસે આશા કે અપેક્ષાનું પોતાની હેસિયત મુજબ બજેટ નક્કી કરી. તે મુજબ જીવન જીવવું જોઈએ. બીન પાયાદાર, કાલ્પનિક અપેક્ષા-આશાથી મુક્ત રહેવું વધુ શ્રેયસ્કર છે. આથી મધ્યમ માર્ગ- અપનાવવો જોઈએ. આથી જ કહે છે. ''આશા અલ્પાહાર તરીકે સારી પણ ભોજન તરીકે ખરાબ.'' આશા પરનું નિયમન એજ સુખી થવાનો રાજપથ છે.

૨૦૨૪ના નવા આરંભ થતાં વર્ષમાં, જે સ્થિતિ છે તેમાં આશારૂપી પ્રાણનો સંસ્કાર કરી, નવેસરથી આશાભર્યા ઉન્નત મળસકે નવી શરુઆત કરીએ. કારણ આશા ભર્યા લોકો-વધુ લાંબુ સ્વસ્થ જીવન જીવે છે. આપણા કવિ નરસિંહ મહેતા એ પણ ગાયુ કે, ''આશાભર્યાને અમે આવ્યા, ને મારે વાલે રમાડ્યા રાસ રે.'' આશાઓ જિંદગી જીવવાની જડીબુટ્ટી છે. તો ચાલો નવા વર્ષે, નવી આશા, નવા ઉમંગ, નવા સ્વપ્ન સાથે, નવી શરુઆત કરી. નવેસરથી જીવીએ.

આશાનું મહત્વ સમજાવતા ચિંતકો કહે છે, આશાવાદ એ દરેક સજીવો માટે અમૃત સમાન છે. આશાને કારણે જ સમગ્ર સૃષ્ટિની ઘટમાળ ચાલ્યા કરતી હોય તેમ લાગે છે. છોડને સૂર્યપ્રકાશથી નવી કૂંપળ ફૂટવાની આશા છે , પાંદડું ઝાકળ બિંદુને મળશે એવી આશા સેવીને લીલાશ સાચવીને બેઠું છે.

સાંપ્રત

# ગુજરાત મેન્યુફેક્ચરિંગ, ફિનટેકમાં વૈશ્વિક પગદંડો જમાવશે

વિશ્વમાં સમૃદ્ધિમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે તેમ કહેવું ખોટું નથી. ગુજરાતી માત્ર વેપાર કરવામાં જ નહિં સાહસ, બચત તેમજ ખર્ચ કરવામાં પણ આગળ પડતા રહ્યાં છે. ગુજરાતનું અર્થતંત્ર અંદાજે ૨૩ લાખ કરોડનું છે જેમાં ૪૫-૫૦ ટકાથી વધુ હિસ્સો ખમીરવંતા ગુજરાતી ઉદ્યોગકારોનો (કોર્પોરેટ-MSME) સેક્ટરનો રહેલો છે. ફાર્મા, કેમિકલ્સ, સિરામિક, ટેક્સટાઈલ, ડાયમંડ, એગ્રી. ઓટો-એન્સિલરી સેક્ટરમાં ગુજરાતી ઉદ્યોગકારો વૈશ્વિક સ્તરે ડંકો વગાડી રહ્યા છે. આ ઉપરાંત દેશભરમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૪૫ ટકા હિસ્સા સાથે જીડીપીમાં સૌથી વધુ યોગદાન પૂરું પાડતું એક માત્ર ગુજરાત ટોચ પર છે. આજે ગુજરાતની અર્થવ્યવસ્થા ૨૩ લાખ કરોડ છે. તે ૨૦30માં ૪૦ લાખ કરોડ થઈ જશે. ૨૦૦૧-૦૨માં ગુજરાતનું અર્થતંત્ર માત્ર ૧.૨ લાખ કરોડ હતું ત્યારે તે સમયે રાજ્ય સંપૂર્ણપણે વિકસિત થયું ન હતું. વીજળી, પાણી અને રસ્તાઓની તંગી હતી. ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ સમિટ યોજાઈ ત્યારથી ગુજરાતના ખાનગી રોકાણમાં ઝડપી વધારો થયો છે. મૂડીરોકાણ બાબતે વિદેશી રોકાણકારોની પહેલી પસંદ ગુજરાત છે. દેશમાં આવી રહેલા વાર્ષિક વિદેશી રોકાણમાં ગુજરાત ૩૫ ટકા હિસ્સા સાથે ટોચ પર રહ્યું છે. તાજેતરમા દેશમાં ગુજરાતે વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા મુજબ ગુજરાત દેશનું સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ગુજરાતે મહારાષ્ટ્રને પાછળ છોડી દીધું છે. RBIના ડેટા અનુસાર નાણાકીય વર્ષ-૨૦૧૨ થી ૨૦૨૦ સુધીમાં ગુજરાતનું ગ્રોસ વેલ્યુ એડીશન (GVA) વાર્ષિક ધોરણે ૧૫.૯ ટકા વધીને રૂ ૫. ૧૧ લાખ કરોડ થયું છે. આ સમયગાળા દરમિયાન મહારાષ્ટ્રનું GVA ૭.૫ ટકા વધીને રૂ. ૪.૩૪ લાખ કરોડ થયું છે, જે ગુજરાત કરતાં અડધું છે. GVAએ એક આર્થિક એકમ છે જેનાથી અર્થતંત્રમાં માલસામાન અને સેવાઓના પુરવઠાને માપી શકાય છે. જો કે મહારાષ્ટ્ર આજે પણ સર્વિસ સેક્ટરની બાબતમાં દેશમાં અગ્રેસર છે. મહારાષ્ટ્રના સેવા સેક્ટરનો GVA નાણાકીય વર્ષ ૨૦૨૦માં વાર્ષિક ૧૨.૬ ટકા વધીને રૂ. ૧૫.૧ લાખ કરોડ થઈ રહ્યો છે. આ મામલામાં મહારાષ્ટ્ર પછી તમિલનાડુ બીજા ક્રમે છે.

"ગુજરાતનું અર્થતંત્ર અંદાજે ૨૩ લાખ કરોડનું છે જેમાં ૪૫-૫૦ ટકાથી વધુ હિસ્સો ખમીરવંતા ગુજરાતી ઉદ્યોગકારોના સેક્ટરનો રહેલો છે. ફાર્મા, કેમિકલ્સ, સિરામિક, ટેક્સટાઇલ, ડાયમંડ, એગ્રી, ઓટો-એન્સિલરી સેક્ટરમાં ગુજરાતી ઉધોગકારો વૈશ્વિક સ્તરે ડંકો વગાડી રહ્યાં છે."

તમિલનાડુનું GVA રૂ. ૩.૪૩ લાખ કરોડ હતું. ત્યારબાદ કર્ણાટકનું GVA રૂ. ૨.૧ લાખ કરોડ અને ઉત્તર પ્રદેશનું GVA રૂ. ૧.૮૭ લાખ કરોડ હતું.રાજસ્થાનના GVAનો વૃદ્ધિ દર ૩.૮ ટકા, તેલંગાણાનો ૫.૫ ટકા અને આંધ્રપ્રદેશનો ૬.૯ ટકા રહ્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં ભારતનું એકંદર મેન્યુફેક્ચરિંગ ગ્રોસ વેલ્યુ એડિશન (CGVA) વધીને રૂ. ૧૬.૯ લાખ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૧૨થી નાણાકીય વર્ષ ૨૦૨૦ના સમયગાળામાં મેન્યુફેક્ચરિંગ GVA વાર્ષિક ધોરણે ૯.૭ ટકા વધ્યો છે. આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં ભારે મૂડીરોકાણ અને સુધારાને કારણે બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી છે.

નાણાકીય વર્ષ ૨૦૧૨ અને નાણાકીય વર્ષ ૨૦૧૯ની વચ્ચે, ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (GFCF)માં ગુજરાતનું મૂડિરોકાણ રૂ.૫.૮૫ લાખ કરોડ રહ્યું છે. જ્યારે આ સમયગાળામાં મહારાષ્ટ્રનું રોકાણ રૂ. ૪.૦૭ કરોડ હતું અને આંધ્રપ્રદેશનું મૂડીરોકાણ રૂ.૧૪૯ કરોડ હતું.

**ગુજરાત હવે સ્પોર્ટ્સ મેન્યુફેક્ચર હબ બનશેઃ-**

હવે ગુજરાત સ્પોર્ટ્સ મેન્યુફેક્ચરિંગ હબ બનશે. રાજ્ય સરકાર તે દિશામાં મહત્વના પ્રયાસ કરી રહી છે. રમતવીરો માટેની યોજના ગુજરાતનાં યુવાનો જે રમતગમત સાથે જોડાયેલા છે તેમની માટે આર્શીવાદરૂપ સમાન બનશે તેવું પણ તેમણે ઉમેર્યું છે. ભારતનું પ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટ અપ કોંકલેવ ૨૦૨૩ની ગુજરાતથી શરૂઆત થઈ છે એટલું જ નહીં દેશમાં આગામી સમયમાં યોજાનારી એશિયન ગેમ્સને ધ્યાનમાં રાખીને પણ ગુજરાત ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ સેક્ટરમાં પણ અનેક કંપનીઓ રોકાણ કરવા આતુરતા દાખવી રહી છે.

ભારતમાં ફિનટેક ૨૦૦ અબજ ડોલર એકત્ર કરશે, ગિફ્ટસિટી ટોચ પર ફાયનાન્સિયલ ટેકનોલોજી(ફિનટેક) ૨૦૩૦ સુધીમાં ૨૦૦ અબજ ડોલરના રેવન્યૂ ઊભી કરી શકશે એમ રિઝર્વ બેંકના ગવર્નરે જણાવ્યું છે. ફિનટેક ક્ષેત્રે ભારત ક્રાંતિ તરફ વળી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૧માં વિશ્વમાં ૫૧ ટકા લોકો રોજીંદા ટ્રાન્ઝેકશન માટે બેંકોનો સહારો નહોતા લેતા જે ટકાવારી આજે ૭૬ ટકા પર પહોંચી છે.

ટૂંકમાં લોકો બેંકોના દાદરા ચઢવા તૈયાર નથી અને ઓનલાઈનનો ઉપયોગ કરી રહ્યા છે. ફાયનાન્સ માટેની પરંપરાગત સિસ્ટમ વપરાશમાં ઓછી થઈ રહી છે. હાલમાં ફિનટેક કંપનીઓ ૨૪૫ અબજ ડોલરની વાર્ષિક રેવન્યૂ ઊભી કરી રહી છે. ફિનટેક સેગમેન્ટમાં દેશભરમાં ગુજરાતનું ગિફ્ટસીટી ઝડપભેર આગળ વધી રહ્યું છે અને મોટા પાયે રોકાણ આવી રહ્યું છે.

**સેમિકન્ડક્ટરમાં પણ ગુજરાત હબ બનશેઃ-**

ગુજરાત ટેક્સટાઈલ-ગારમેન્ટ ફાર્મા, કેમિકલ્સ, સિરામિક, જેમ્સ જવેલરી, ઓટો-એન્સિલરીને બાદ કરતા આગામી સમયમાં સેમિકંડક્ટરમાં પણ હબ બનશે.

અમેરિકન ટેક કંપની માઈક્રોને તેના સેમિકન્ડક્ટર પ્લાન્ટ માટે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની પ્રથમ બેચને હાયર કરી છે. અત્યાર સુધીમાં તેમણે ૩૦ વિદ્યાર્થીઓને તક આપી છે. ૨૫ ઈન્ટર્નની પ્રથમ બેચ જાન્યુઆરી ૨૦૨૪માં જોડાશે.આ વર્ષના અંત સુધીમાં વધુ ૧૫૦ વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવશે. તેમાંથી દરેકને ૧૫ થી ૨૦ લાખ રૂપિયાનું પેકેજ આપવામાં આવ્યું છે અને આમાંના મોટાભાગના બાળકો ગુજરાતની નિરમા યુનિવર્સિટીના છે.

ચિપ મેન્યુફેક્ચરિંગ કંપનીએ અમદાવાદથી લગભગ ૪૦ કિલોમીટર દૂર સાણંદમાં તેની ફેક્ટરીનું કામ શરૂ કર્યું છે. માઈક્રોને ભારત સરકાર સાથે કરાર કર્યા હતા. કંપનીને ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી (GIDC)ની ઔદ્યોગિક વસાહતમાં જમીન મળી છે. કંપની કુલ ૨.૭૫ અબજ ડોલરનું રોકાણ કરવા જઈ રહી છે.

**વૈશ્વિક સ્તરે હવે પછીની લડાઈ માત્ર ચિપ:-** વિશ્વની વર્તમાન સ્થિતિમાં જે દેશ ચિપ એટલે કે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં આગળ છે તે સમગ્ર વિશ્વ પર રાજ કરશે. અત્યારે અમેરિકા અને ચીન આ રમતમાં સૌથી આગળ છે. આજે આપણું આખું જીવન આ ચિપ્સ પર નિર્ભર છે સ્માર્ટફોન હોય, લેપટોપ હોય, કોમ્પ્યુટર હોય કે ટીવી હોય, ચીપ વગર કંઈ નથી.

**ગુજરાતની ઓટો ઈન્ડસ્ટ્રીઝ, વૈશ્વિક સ્તરે ડંકો વાગ્યોઃ-** ગુજરાતના ઓટોમોબાઈલ ક્ષેત્રનું મૂલ્ય ૩ અબજ ડોલર છે. છેલ્લા બે દાયકામાં થયેલું આ નોંધપાત્ર પરિવર્તન રાજયના ઔદ્યોગિક વિકાસ અને નવીનતા પ્રત્યેના સમર્પણનો પુરાવો છે. ૮ લાખથી વધુ વાહનોની વાર્ષિક નિકાસ સાથે ગુજરાતે પોતાને ભારતના ઓટોમોટિવ લેન્ડસ્કેપમાં નોંધપાત્ર યોગદાન આપનાર તરીકે સાબિત કર્યું છે. ઓટોમોટિવ હબ બનવા તરફ રાજયની સફર ૨૦૦૯માં સાણંદમાં તાતા મોટર્સના ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના સાથે શરૂ થઈ હતી. જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને ખેલાડીઓ માટે ચુંબક તરીકે કામ કરે છે. જાન્યુઆરી ૨૦૨૪માં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ રોકાણ અને નવીનતાના અજોડ હબ તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત કરશે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ વૈશ્વિક પરિવર્તનને ધ્યાનમાં રાખીને, ગુજરાત ઈલેક્ટ્રીક વાહન (EV)ઉત્પાદનને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહ્યું છે. રાજ્ય સરકારે EV બેટરી પ્લાન્ટ સ્થાપવા માટે તાતા જૂથ સાથે રૂ. ૧૩,૦૦૦ કરોડના હસ્તાક્ષર કર્યા છે. આ ટકાઉ ગતિશીલતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા સાથે એકીકૃત રીતે સંરેખિત થાય છે અને ગુજરાતને EV ઉત્પાદન માટે અગ્રણી હબ તરીકે સ્થાન આપે છે.

**કેમિકલ ઉત્પાદનનું હબ બનશે, ૧૬૮ દેશોમાં નિકાસઃ-** ગુજરાત હાલમાં કેમિકલ્સના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૩૫% યોગદાન આપે છે.જે ગુજરાતને ભારતમાં કેમિકલના ઉત્પાદનમાં અગ્રેસર બનાવે છે. ગુજરાતમાંથી કેમિકલને યુએસએ, ચીન, બ્રાઝિલ, યુએઈ, જર્મની, ઈન્ડોનેશિયા, યુકે, નેધરલેન્ડ, દક્ષિણ આફ્રિકા, અને બેલ્જિયમ જેવા ટોચના નિકાસ સ્થળો સહિત ૧૬૮થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. ઈનઓર્ગેનિક કેમિકલ્સ, ઓર્ગેનિક કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પ્લાસ્ટિક, રબર, માનવસર્જિત ફિલામેન્ટ, માનવસર્જિત ફાઈબર્સ વગેરે જેવા વિવિધ પેટા ક્ષેત્રોમાં ભારતમાંથી રાસાયણિક ઉત્પાદનો અને પેટ્રોકેમિકલની નિકાસમાં પણ રાજ્ય રાષ્ટ્રીય રસાયણોમાં ૪૧% યોગદાન સાથે પ્રથમ ક્રમે છે. કેમિકલની વધતી માંગ સાથે ગુજરાત આ તકનો લાભ લેવા અને સ્પેશિયાલિટી કેમિકલના હબ તરીકે સ્થાપિત થવા માટે ગુજરાત તૈયાર છે.

**- જય જય ગરવી ગુજરાત...**

## સુવિચાર

- "જ્યારે કોઈ બોલબોલ કરનાર વ્યકિત એકદમ શાંત થઈ મૌનમાં ખોવાઈ જાય છે, ત્યારે સમજદાર વ્યક્તિ સમજી જાય છે કે તેને અંદરથી કંઈક ખૂબ જ ગંભીર આઘાત લાગ્યો છે જેણે તેને અંદરથી તોડી નાખ્યો છે અને તેને દફનાવી દીધો છે અને તે શાંત થઈ ગયો છે"...!
- "કૃપા કરીને, પહેલા ઊંડો શ્વાસ લો અને શાંતિથી તમારી અંદર જુઓ"... હવે તમારી જાત સાથે વાત કરો કે હે મન, જે સમય વીતી ગયો છે તેની સાથે વાત ન કર; તું કેમ ભૂલી ગયો કે તારી પાસે થોડો સમય બચ્યો છે... એ અમૂલ્ય ક્ષણ, શા માટે તું તેને વેડફવા પર તૈયાર ગયો છે...!
- "જીવનની બાજીમાં જ્યારે બધા પાસા અવળા પડે ત્યારે જિંદગીને આપી દેવામાં નહીં પણ જિંદગી સાથે લડી લેવામાં જ મજા છે"...!
- "આપણા જીવનમાં વિચારનું ઘણું મહત્વ છે, જ્યારે આપણી વિચારસરણી સાચી હોય છે અથવા જ્યારે આપણે સકારાત્મક વિચારીએ છીએ ત્યારે આપણા બધા કાર્ય યોગ્ય રીતે પૂર્ણ થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારસરણી ધરાવે છે તે દરેક વસ્તુમાં નકારાત્મક વસ્તુઓ શોધવાનું શરૂ કરે છે. જેના કારણે તે વ્યક્તિનું દરેક કાર્ય પૂર્ણ થતું નથી"...!
- "વ્યક્તિના વર્તનમાં બદલાવ એ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત છે, જીવનમાં પરિવર્તન આવતા જ રહે છે, જેઓ હકારાત્મક વિચારસરણી સાથે પરિવર્તન અપનાવે છે તે હંમેશા ખુશ રહે છે"...!
- "દરેક વ્યક્તિ પોતાની રીતે આપણો ઉપયોગ કરે છે. અને આપણે સમજીએ છીએ કે લોકો આપણ ને પસંદ કરે છે"..!!

યોગદર્શન

# સૂર્યનમસ્કાર કરો અને નીરોગ રહો

ઋગ્વેદની ઋચા કહે છે,– 'સૂર્ય આત્મા જગતસ્ય સ્થુષશ્ચ' એટલે કે 'સૂર્ય વિશ્વનો આત્મા છે.' પૃથ્વી પરનું જીવન સૂર્યના કારણે સક્રિય, ધબકતું અને ધમધમતું છે.પૃથ્વી પર સૂર્યના કિરણો પડતાં અંધકાર દૂર થાય છે અને પ્રકાશ પથરાય છે. સૂર્ય પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિમાં પ્રાણસંચાર પાથરે છે.સૂર્યનો પ્રકાશ જીવસૃષ્ટિમાં સક્રિયતા અને પ્રફૂલતા લાવે છે. વિવિધ ઊર્જાઓનો સ્રોત સૂર્ય છે. સૂર્ય આપણો શક્તિદાતા અને પ્રાણદાતા છે. સૂર્યનો મહિમા આપણે જાણીએ, સમજીએ અને અનુભવીએ ત્યારે આપણાં હૃદયમાં અહોભાવ અને કૃતજ્ઞતા જન્મે છે. અહોભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા આપણાં હાથ પ્રણામ, નમસ્કાર મુદ્રામાં જોડાય જાય છે અને મુખમાંથી સ્તુતિ પ્રગટે છે. આખું શરીર જ્યારે સૂર્યઊર્જાથી પ્રાણમય બની જાય છે ત્યારે શરીર ભૂમિ ઉપર દંડવત થઈને નમસ્કાર કરે છે.

સૂર્યદેવનું સ્મરણ કરી સૂર્યોદય વેળાએ મંત્ર સાથે સૂર્યનમસ્કાર ઉપાસના કરવામાં આવે છે. સૂર્યસપ્તમીના દિવસે સૂર્યોદયવેળા વ્યક્તિગત કે સામૂહિક સૂર્યનમસ્કારની પ્રથા ભારતભરમાં છે. નિયમિત સૂર્યનમસ્કાર કરવા લાભદાયક છે. કોઈ પણ વિશિષ્ટ સાધનસુવિધા વગર, ઓછી જગ્યામાં સૌ કોઈ સૂર્યનમસ્કાર સહજતાથી કરી શકે એવો વ્યાયામ છે.

**– યોગસાધક શ્રી કિરણ ચાંપાનરી**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર, સૈજપુર,
અમદાવાદ-૪૬, મો.: ૯૬૬૨૮૩૩૨૬૮

સૂર્યનમસ્કાર માટે સૂર્યોદય પહેલાંનો અથવા સૂર્યોદયનો સમય શ્રેષ્ઠ છે. સોનેરી, પીળાશ પડતા સૂર્યના કિરણો આપણાં શરીર પર પડતા હોય, ગુલાબી ગુલાબી આહલાદક વાતરણ હોય ત્યારે આપણું મન શાંત અને પ્રફુલિત હોય છે. આ સમયે વાતાવરણમાં ઓઝોન વાયુનું પ્રમાણ પણ વધુ હોય છે. તે શરીરને લાભ કરે છે. સૂર્યના કુમળા તડકામાંથી વિટામિન ડી મળે છે. આવા સમયે સ્વચ્છ અનુકૂળ સ્થાન ઉપર સૂર્ય સામે ઊભા રહેવું. જમીન બહુ લીસી ન હોય, શરીરને ખૂંચે તેવી ન હોવી જોઈએ, કાંકરા રેતી વગરની ભૂમિ હોવી જોઈએ. પૂરેપૂરૂં શરીર સમાઈ શકે તેવી સુતરાઉ શેતરંજીનું આસન પાથરવું. શરીર ઉપર ઢીલાં તેમ જ ઓછામાં ઓછા સુતરાઉ કપડાં પહેરવાં જોઈએ. અડચણરૂપ થાય તેવાં ઘરેણાં,ઘડિયાળ ન પહેરવા. સૂર્યનમસ્કાર કરતાં પહેલાં, શૌચ, સ્નાન, મોંની સફાઈ આવશ્યક છે.

આસન ઉપર સિધ્ધ સ્થિતિમાં ઊભા રહી સૂર્યનારાયણનું ધ્યાન કરવું... 'સૂર્યમંડળની મધ્યમાં રહેલા, કમળના આસન ઉપર બિરાજમાન, બાજુબંધ કરકુંડલ ધારણ કરેલા, મુગટ પહેરેલા, સુવર્ણની જેમ તેજસ્વી શરીરવાળા અને હાર, શંખ,ચક્ર ધારણ કરનાર નારાયણનું હું હંમેશા ધ્યાન કરું છું.' તે પછી સૂર્યનો પ્રથમમત્રં 'ૐ મિત્રાય નમઃ' બોલીને એક સૂર્યનમસ્કાર, પછી બીજો મંત્ર બોલીને બીજો સૂર્યનમસ્કાર...એમ બાર મંત્રો બોલીને બાર સૂર્યનમસ્કાર કરવા. આ બાર મંત્રો અને તેના અર્થ આ પ્રમાણે છે:

☞ ૐ મિત્રાય નમઃ– હે! સંપૂર્ણ વિશ્વના મિત્ર આપને પ્રણામ છે.
☞ ૐ રવયે નમઃ– હે! ગતિમાન, પ્રશંસનીય, પ્રકાશમાન આપને પ્રણામ છે.
☞ ૐ સૂર્યાય નમઃ– હે! સંસારને જીવન આપનાર આપને પ્રણામ છે.
☞ ૐ ભાનવે નમઃ– હે! પ્રકાશપુંજ આપને પ્રણામ છે.
☞ ૐ ખગાય નમઃ– હે! આકાશમાં ગતિ કરનાર આપને પ્રણામ છે.
☞ ૐ પુષણે નમઃ– હે! સંસારનું પોષણ કરનાર આપને પ્રણામ છે.
☞ ૐ હિરણ્યગર્ભાય નમઃ– હે! સ્વર્ણિમ વિશ્વાત્મા આપને પ્રણામ છે.
☞ ૐ મરીચયે નમઃ– હે! રશ્મિ અધિપતિ આપને પ્રણામ છે.
☞ ૐ આદિત્યાય નમઃ– હે! જીવનરક્ષક, અદિતિપુત્ર આપને પ્રણામ છે.
☞ ૐ સવિત્રે નમઃ– હે! વિશ્વની ઉત્પત્તિ કરનાર આપને પ્રણામ છે.
☞ ૐ અર્કાય નમઃ– હે! શક્તિમાન, પવિત્ર બનાવનાર આપને પ્રણામ છે.
☞ ૐ ભાસ્કરાય નમઃ– હે! આત્મજ્ઞાનપ્રેરક આપને પ્રણામ છે.

આ પછી સમાપન મંત્ર ૐ શ્રી સવિતૃ સૂર્યનારાયણ નમઃ– વિશ્વના સર્જક... બોલીને સૂર્યનારાયણને પ્રણામ કરી સિધ્ધસ્થિતિમાં આવવું, ઊભા રહેવું. સૂર્યનમસ્કારની જુદી જુદી સ્થિતિઓ યોગનાં જુદાં જુદાં આસનો સાથે જોડાયેલી છે. સૂર્યનમસ્કારની સ્થિતિઓ એ શુધ્ધ વ્યાયામ છે. દરેક સ્થિતિ સાથે શ્વાસપ્રશ્વાસની પ્રકિઈયા પણ સંકળાયેલી છે.જયારે પેટ અને છાતી દબાય ત્યારે ઉચ્છવાસ એટલે કે શ્વાસને બહાર છોડવો અને પેટ–છાતી વિસ્તાર પામે ત્યારે શ્વાસને અંદર લેવો.

મનુષ્યનું શરીર ત્રણ પ્રકારનું છે. સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. સૂક્ષ્મ શરીરમાં ષટચક્ર છે. આ ષટચક્રનો સંબંધ સૂક્ષ્મ જગત સાથે છે. સૂર્યનમસ્કાર કરતી વખતે સૂર્યનો મંત્ર, આસનસ્થિતિ,શ્વાસપ્રશ્વાસ પ્રક્રિયા અને એકાગ્રતા કેન્દ્ર–ચક્ર પર ધ્યાનને કેન્દ્રીત કરવાનો તાલમેલ સાધવાનો રહે છે. જેમ કે, પહેલી સ્થિતિમાં પ્રણામાસન, મિત્રાય નમઃ મંત્રનો ઉચ્ચાર કરવાનો, શ્વસન પ્રક્રિયામાં કુંભક અને રેચક થશે અને આજ્ઞાચક્ર ઉપર ધ્યાનને એકાગ્ર કરવાનું હોય છે. આ પ્રમાણે અન્ય સ્થિતિની સમજ નીચેના કોઠામાં આપેલ છે :

| સ્થિતિ | આસન નામ | મંત્ર | શ્વાસ | ચક્ર– શરીરમાં સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | નમસ્કારમુદ્રા–પ્રણામાસન | મિત્રાય નમઃ | કુંભક, રેચક | આજ્ઞાચક્ર– બે ભ્રમરની વચ્ચે |
| ૨ | ઉર્ધ્વહસ્તાસન | રવયે નમઃ | પૂરક | વિશુધ્ધિચક્ર–કંઠ,થાઈરોઈડના ઉપરના ભાગમાં |
| ૩ | પાદસ્તાસન | સૂર્યાય નમઃ | રેચક | મણીપુરચક્ર–નાભી,ડુંટી |
| ૪ | દક્ષિણઅશ્વસંચાલનાસન | ભાનવે નમઃ | પૂરક | સ્વાધિષ્ઠાનચક્ર–જનનેન્દ્રિય |
| ૫ | પર્વતાસન | ખગાય નમઃ | રેચક | સહસ્ત્રારચક્ર– મસ્તક |
| ૬ | સાષ્ટાંગાસન, અષ્ટાંગનમનાસન | પૂષ્ણે નમઃ | કુંભક | અનાહતચક્ર–હ્રદય,કીડની તથા ઉરોદર પટલની ઉપર |
| ૭ | ભુજંગાસન | હિરણ્યગર્ભાય નમઃ | પૂરક | મૂલાધારચક્ર–ગુદા,કરોડનો સૌથી નીચેનો ભાગ |
| ૮ | પર્વતાસન | મરીચયે નમઃ | રેચક | સહસ્ત્રારચક્ર– મસ્તક |
| ૯ | વામ અશ્વસંચાલનાસન | આદિત્યાનમઃ | પૂરક | સ્વાધિસ્ઠાનચક્ર–જનનેન્દ્રિય |
| ૧૦ | પાદહસ્તાસન | સાવિત્રેનમઃ | રેચક | મણીપુરચક્ર–નાભી,ડુંટી |
| ૧૧ | ઉર્ધ્વહસ્તાસન | અર્કાયનમઃ | પૂરક | વિશુધ્ધિચક્ર–કંઠ,થાઈરોઈડના ઉપરના ભાગમાં |
| ૧૨ | પ્રણામાસન | ભાસ્કરાય નમઃ | કુંભક | અનાહતચક્ર–બે ભ્રમની વચ્ચે |

સૂર્યનમસ્કારના વ્યાયામની રીતે લાભ અગણિત હોવા છતાં સૂર્યનમસ્કાર મૂળભૂત રીતે ઉપાસના છે. ઉપાસના હોવાને કારણે વ્યાયામમાં દિવ્યતા, તેજસ્વિતા અને માધુર્યતા આવે છે. વ્યાયામને લીધે ઉપાસનામાં પૌરુષનો આવિર્ભાવ થાય છે. લાવણ્ય અને પરાક્રમ, ભક્તિ અને શક્તિ, કોઈનું રક્ષણ કરવા માટેની હ્રદયની કરુણા અને દુષ્ટોનું દમન કરવા માટેની શક્તિ સુર્યનમસ્કાર વ્યાયામ યુક્ત ઉપાસના હોવાને કારણે પ્રાપ્ત થાય છે. નિત્ય નિયમિત સૂર્યનમસ્કાર કરવામાં આવે તો નમસ્કાર યોગે બુધ્ધિ તીવ્ર થાય, નમસ્કાર યોગે શરીર પુષ્ટ થાય અને નમસ્કાર યોગે મન પરમ શાંતિ પામે. કુલ આઠ આસન અને બાર સ્થિતિના સમૂહથી બનેલ સૂર્યનમસ્કાર શ્રેષ્ઠ વ્યાયામ છે. નમસ્કાર મુદ્રા, ઉર્ધ્વહસ્તાસન,પાદહસ્તાસન, દક્ષિણ અશ્વસંચાલન, પર્વતાસન, અષ્ટાંગનમ–નાસન, ભુજંગાસન,વામઅશ્વસંચાલન આ આઠ આસનમાં પહેલી સ્થિતિમાં નમસ્કાર મુદ્રા, બીજી અને અગિયારમી સ્થિતિમાં ઉર્ધ્વહસ્તાસન, ત્રીજી અને દસમી સ્થિતિમાં પાદહસ્તસન, પાંચમી અને આઠમી સ્થિતિમાં પર્વતાસન આસનનું પુનરાર્વન થાય છે. સૂર્યનમસ્કાર કરવાથી પગથી માથા સુધીના દરકે અંગ,સ્નાયુને વ્યાયામ મળે છે. શરીરના તમામ સાંધાઓ, ખાસ કરીને પીઠના મણકાઓને સક્ષ્જ રાખે છે. શરીર લચીલું બને છે. રૂધિરાભિસરણ તંત્ર સક્રિય બને છે. રક્ત પ્રવાહો નિરંતર વહ્યા કરે છે. તેથી શરીર દરેક પ્રકારના વિકારોથી દૂર રહે છે. ચપળતા, શક્તિ, ઉત્સાહ, ચાતુર્ય વધે છે. થાઈરોઈડ, પેરાથાઈરોઈડ જેવી ગળામાં આવેલી ગ્રંથિઓ, પેક્રિયાસ, એડ્રિનલ વગેરે પેટમાં આવેલી ગ્રંથિઓનું પૂરેપૂરું મર્દન–મસાજ થાય છે. આંતરડાઓના સ્નાયુઓ તથા પાચકગ્રંથિઓ પુષ્ટ બને છે. સૂર્યના કિરણો ચામડી પર પડવાથી વિટામિન 'ડી'નું શરીરમાં નિર્માણ છે. આ વિટામિન કેલ્શિયમ અને ફોસ્ફરસ જેવા લવણોને શરીરમાં શોષી અત્યંત ઉપયોગી બનાવે છે. ચહેરો સુંદર, તેજસ્વી, ભરાવદાર તથા શરીર માંસલ અને સુડોળ બને છે. મહિલાઓ માટે સૂર્યનમસ્કાર અત્યંત લાભકારક વ્યાયામ છે. કમર લચીલી બને છે અને કમરદરમ થતું અટકે છે. પેટની સ્થૂળતા ઘટે છે. ચહેરો આકર્ષક તથા શરીર સુડોળ બને છે. માસિકચક્ર નિયમિત બને છે. પેટ તથા પેઢુ તથા સ્નાયુઓ મજબૂત બનતા સુવાવડ કુદરતી રીતે સરળતાથી થાય છે. પેટ ચીરીને બાળક લેવાના પ્રસંગો પ્રસૂતિ દરમ્યાન ટાળી શકાય છે.

સૂર્યનમસ્કાર મૂળભૂત રીતે ઉપાસના છે. ઉપાસના હોવાને કારણે વ્યાયામમાં દિવ્યતા, તેજસ્વિતા અને માધુર્યતા આવે છે. વ્યાયામને લીધે ઉપાસનામાં પૌરુષનો આવિર્ભાવ થાય છે.

વૈશ્વિક લક્ષ્ય

# ઉજ્જ્વળ ભવિષ્ય તરફ : ભારતની જી૨૦ અધ્યક્ષતા અને નવા બહુપક્ષીયવાદનો ઉદય

**'' મને ખુશી છે કે આપણા પ્રમુખપદ દરમિયાન ભારતે અસાધારણ સફળતા હાંસલ કરી હતીઃ તેણે બહુપક્ષીયવાદને પુનર્જીવિત કર્યો, વૈશ્વિક દક્ષિણનો અવાજ વધાર્યો, વિકાસની હિમાયત કરી હતી અને દરેક જગ્યાએ મહિલાઓના સશક્તીકરણ માટે લડત આપી હતી. આપણાં સહિયારાં પગલાં લોકો, પૃથ્વી, શાંતિ અને સમૃદ્ધિ માટે આવનારાં વર્ષો સુધી પ્રતિબિંબિત થતાં રહેશે ''**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**

ભારતે જી-૨૦ પ્રમુખપદ સંભાળ્યાને આજે ૩૬૫ દિવસ પૂરા થયા છે. આ 'વસુધૈવ કુટુમ્બકમ, 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની ભાવનાને પ્રતિબિંબિત કરવાની, પુનઃ પ્રતિબદ્ધ થવાની અને કાયાકલ્પ કરવાની ક્ષણ છે. ગયા વર્ષે કોવિડ-૧૯ રોગચાળામાંથી મુક્તિ, આબોહવાનાં ઝળૂંબતાં જોખમો, નાણાકીય અસ્થિરતા અને વિકાસશીલ રાષ્ટ્રોમાં દેવાની મુશ્કેલી – જેવા પડકારો વચ્ચે આપણે આ જવાબદારી નિભાવી હતી. આ બધું ઘટી રહેલા બહુપક્ષીયવાદ વચ્ચે બન્યું હતું. આ સંઘર્ષ અને સ્પર્ધા વચ્ચે, વિકાસ અને સહકારનો ભોગ લેવાયો અને પ્રગતિમાં અવરોધ ઊભો થયો.

જી-૨૦ની અધ્યક્ષતા સંભાળીને ભારતે દુનિયાને સ્થિરતાનો વિકલ્પ આપવાનો પ્રયાસ કર્યો હતો, જે જીડીપી-કેન્દ્રિતથી માનવ-કેન્દ્રિત પ્રગતિ તરફનું સ્થળાંતર હતું. ભારતનું લક્ષ્ય વિશ્વને એ યાદ અપાવવાનું હતું કે આપણને શું વિભાજિત કરે છે, તેના કરતાં આપણને શું જોડે છે. છેવટે, વૈશ્વિક વાર્તાલાપને વિકસિત કરવો પડ્યો - થોડા લોકોનાં હિતોએ ઘણા લોકોની આકાંક્ષાઓને માર્ગ આપવો પડ્યો. આ માટે બહુપક્ષીયવાદના મૂળભૂત સુધારાની જરૂર છે, કારણ કે આપણે તેને જાણતા હતા.

**સમાવિષ્ટ, મહત્ત્વાકાંક્ષી, કાર્યલક્ષી અને નિર્ણાયકઃ–** આ ચાર શબ્દોએ જી-૨૦ના પ્રમુખપદ તરીકેના આપણા અભિગમને વ્યાખ્યાયિત કર્યા હતા અને જી-૨૦ના તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે અપનાવવામાં આવેલી નવી દિલ્હી લીડર્સ ડેક્લેરેશન (એનડીએલડી) આ સિદ્ધાંતોને પરિપૂર્ણ કરવાની આપણી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. **સર્વસમાવેશકતાઃ-** આપણા પ્રમુખપદના કેન્દ્રમાં રહી છે. જી-૨૦ના કાયમી સભ્ય તરીકે આફ્રિકન યુનિયન (એયુ)ના સમાવેશથી ૫૫ આફ્રિકન દેશોને આ ફોરમમાં સંકલિત કરવામાં આવ્યા હતા અને વૈશ્વિક વસતિના ૮૦ ટકા હિસ્સાને આવરી લેવા માટે તેનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ સક્રિય વલણથી વૈશ્વિક પડકારો અને તકો પર વધુ વ્યાપક સંવાદને પ્રોત્સાહન મળ્યું છે.

ભારત દ્વારા બે આવૃત્તિઓમાં બોલાવવામાં આવેલી આ પ્રકારની સૌપ્રથમ 'વોઇસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટ'એ બહુપક્ષીયવાદના એક નવા ઉદયની શરૂઆત કરી હતી.

ભારતે આંતરરાષ્ટ્રીય વાર્તાલાપોમાં વૈશ્વિક દક્ષિણની ચિંતાઓને મુખ્ય પ્રવાહમાં લાવી છે અને એક એવા યુગની શરૂઆત કરી છે જ્યાં વિકાસશીલ દેશો વૈશ્વિક વિચારને આકાર આપવા માટે તેમનું યોગ્ય સ્થાન લે છે.

સર્વસમાવેશકતાએ જી-૨૦ માટે ભારતના સ્થાનિક અભિગમને પણ પ્રભાવિત કર્યો, તેને પીપલ્સ પ્રેસિડેન્સી બનાવ્યું જે વિશ્વની સૌથી મોટી લોકશાહીને અનુકૂળ છે. "જન ભાગીદારી" (લોકોની ભાગીદારી) ઈવેન્ટ્સ દ્વારા, જી-૨૦ ૧.૪ અબજ નાગરિકો સુધી પહોંચ્યું, જેમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs)ને ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવ્યા અને મહત્વના ઘટકો પર, ભારતે સુનિશ્ચિત કર્યું કે જી-૨૦ના આદેશ સાથે સંરેખિત, વ્યાપક વિકાસલક્ષી લક્ષ્યો તરફ આંતરરાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.

૨૦૩૦ એજન્ડાના નિર્ણાયક મધ્યબિન્દુ પર, ભારતે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) પર પ્રગતિને વેગ આપવા માટે G20 2023 એક્શન પ્લાન વિતરિત કર્યો, જેમાં આરોગ્ય, શિક્ષણ, લિંગ સમાનતા અને પર્યાવરણીય સ્થિરતા સહિત એકબીજા સાથે જોડાયેલા મુદ્દાઓ પર ક્રોસ-કટિંગ, ક્રિયાલક્ષી અભિગમ અપનાવ્યો.

આ પ્રગતિને આગળ ધપાવનારું મુખ્ય પરિબળ મજબૂત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ડીપીઆઈ) છે. અહીં ભારત તેની ભલામણોમાં, આધાર, યુપીઆઈ અને ડિજિલોકર જેવા ડિજિટલ નવીનતાઓની ક્રાન્તિકારી અસરના પ્રત્યક્ષ અનુભવને કારણે નિર્ણાયક ભૂમિકામાં હતું. જી-૨૦ મારફતે અમે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિપોઝિટરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, જે વૈશ્વિક ટેકનોલોજિકલ જોડાણમાં નોંધપાત્ર પગલું છે. આ ભંડાર, જેમાં ૧૬ દેશોના ૫૦થી વધુ ડીપીઆઈનો સમાવેશ થાય છે, તે ગ્લોબલ સાઉથને સર્વસમાવેશક વૃદ્ધિની શક્તિને અનલોક કરવા માટે ડીપીઆઈના નિર્માણ, તેને અપનાવવા અને વ્યાપ વધારવામાં મદદ કરશે.

આપણી એક પૃથ્વી માટે, આપણે પ્રસ્તુત કર્યું મહત્વાકાંક્ષી અને સમાવેશી જેનો ઉદ્દેશ તાત્કાલિક, કાયમી અને સમાન પરિવર્તન લાવવાનો છે. આ જાહેરનામામાં 'ગ્રીન ડેવલપમેન્ટ પેક્ટ' ભૂખમરા સામે લડવા અને ગ્રહનું રક્ષણ કરવા વચ્ચેની પસંદગીના પડકારોનું સમાધાન કરે છે, જેમાં એક વ્યાપક રોડમેપની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે, જેમાં રોજગારી અને ઈકોસિસ્ટમ્સ પ્રશંસાત્મક છે, વપરાશ આબોહવા પ્રત્યે સભાન છે અને ઉત્પાદન ગ્રહ-મૈત્રીપૂર્ણ છે. આ સાથે જ જી-૨૦ ઘોષણાપત્રમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતાને ત્રણ ગણી કરવાની મહત્ત્વાકાંક્ષી ક્ષમતાનું આહ્વાન કરવામાં આવ્યું છે. ગ્લોબલ બાયોફ્યુઅલ્સ એલાયન્સની સ્થાપના અને ગ્રીન હાઈડ્રોજન માટેના સંયુક્ત દબાણની સાથે સાથે, સ્વચ્છ, હરિયાળા વિશ્વના નિર્માણની જી-૨૦ની મહત્વાકાંક્ષાઓ નકારી શકાય તેમ નથી. આ બાબત હંમેશા ભારતની લાક્ષણિકતા રહી છે અને જીવનશૈલી ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ (LiFE) મારફતે દુનિયાને આપણી સદીઓ જૂની સ્થાયી પરંપરાઓનો લાભ મળી શકે છે.

વધુમાં, આ જાહેરનામું આબોહવામાં ન્યાય અને સમાનતા પ્રત્યેની અમારી કટિબદ્ધતાને રેખાંકીત કરે છે, જેમાં વૈશ્વિક ઉત્તર તરફથી નોંધપાત્ર નાણાકીય અને ટેકનોલોજીકલ ટેકો આપવાની વિનંતી કરવામાં આવી છે. પ્રથમ વખત, વિકાસ ધિરાણની તીવ્રતામાં જરૂરી ક્વોન્ટમ જમ્પની માન્યતા મળી હતી, જે અબજો ડોલરથી ટ્રિલિયન ડોલર તરફ આગળ વધી રહી છે.

જી-૨૦એ સ્વીકાર્યું હતું કે વિકાસશીલ દેશોને ૨૦૩૦ સુધીમાં તેમના રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન (એનડીસી) પૂર્ણ કરવા માટે ૫.૯ ટ્રિલિયન ડોલરની જરૂર છે. જરૂરી વિશાળ સંસાધનોને ધ્યાનમાં રાખીને, જી૨૦ એ વધુ સારી, મોટી અને વધુ અસરકારક બહુપક્ષીય વિકાસ બેન્કોના મહત્વ પર ભાર મૂક્યો હતો. સાથોસાથ ભારત સંયુક્ત રાષ્ટ્રમાં સુધારામાં, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ જેવા મુખ્ય અંગોના પુનર્ગઠનમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે, જે વધારે સમાન વૈશ્વિક વ્યવસ્થાને સુનિશ્ચિત કરશે.

જાહેરનામામાં લિંગ સમાનતાએ કેન્દ્રસ્થાને લીધું હતું, જેના પરિણામે આવતા વર્ષે મહિલાઓના સશક્તીકરણ પર એક સમર્પિત કાર્યકારી જૂથની રચના કરવામાં આવી હતી. ભારતનું મહિલા અનામત બિલ ૨૦૨૩, જે ભારતની સંસદ અને રાજ્યની વિધાનસભાની બેઠકોનો એક તૃતીયાંશ ભાગ મહિલાઓ માટે અનામત રાખે છે, તે મહિલાઓ-સંચાલિત વિકાસ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. નવી દિલ્હીનું જાહેરનામું આ મુખ્ય પ્રાથમિકતાઓમાં સહયોગની નવી ભાવનાને મૂર્તિમંત કરે છે, જે નીતિગત સુસંગતતા, વિશ્વસનીય વેપાર અને મહત્ત્વાકાંક્ષી આબોહવા કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ગર્વની વાત છે કે આપણા પ્રમુખપદ દરમિયાન, જી-૨૦ એ ૮૭ પરિણામો પ્રાપ્ત કર્યા અને ૧૧૮ દસ્તાવેજો અપનાવ્યા, જે ભૂતકાળની સરખામણીમાં નોંધપાત્ર વધારો છે. જી-૨૦ની આપણી અધ્યક્ષતા દરમિયાન ભારતે ભૂરાજકીય મુદ્દાઓ અને આર્થિક વૃદ્ધિ અને વિકાસ પર તેની અસર પર વિચાર-વિમર્શની આગેવાની લીધી હતી. આતંકવાદ અને નાગરિકોની મૂર્ખામીભરી હત્યા અસ્વીકાર્ય છે, અને આપણે તેને શૂન્ય-સહિષ્ણુતાની નીતિ સાથે સંબોધિત કરવી જોઈએ. આપણે દુશ્મનાવટ કરતાં માનવતાવાદને મૂર્ત સ્વરૂપ આપવું જોઈએ અને આ યુદ્ધનો યુગ નથી તેનો પુનરોચ્ચાર કરવો જોઈએ.

મને ખુશી છે કે આપણા પ્રમુખપદ દરમિયાન ભારતે અસાધારણ સફળતા હાંસલ કરી હતીઃ તેણે બહુપક્ષીયવાદને પુનર્જીવિત કર્યો હતો, વૈશ્વિક દક્ષિણનો અવાજ વધાર્યો હતો, વિકાસની હિમાયત કરી હતી અને દરેક જગ્યાએ મહિલાઓના સશક્તીકરણ માટે લડત આપી હતી. જેમ જેમ આપણે જી-૨૦નું પ્રમુખપદ બ્રાઝિલને સોંપીએ છીએ, તેમ તેમ આપણે એ દ્રઢ વિશ્વાસ સાથે સુનિશ્ચિત કરીએ છીએ કે આપણાં સહિયારાં પગલાં લોકો, પૃથ્વી, શાંતિ અને સમૃદ્ધિ માટે આવનારાં વર્ષો સુધી પ્રતિબિંબિત થતાં રહેશે.

સહકાર

# કૃષિ સેવા સહકારી મંડળીને ગ્રામ્ય હાટ બનાવવી

સહકારી સંસ્થા એક એવું યુનિટ છે કે જે ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ જુદા જુદા હેતુ સાથે અસ્તિત્વ ધરાવે છે. આમ ગામડાથી લઈને તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર સુધીના દરેક સ્તરે સંસ્થાઓ પથરાયેલ છે. આ દરેક સહકારી સંસ્થાઓમાં જાગૃતિ આવે, તમામ પ્રકારની કામગીરી કરતી થાય, તમામ સભાસદો મંડળીની દરેક કામગીરીમાં જોડાયને આર્થિક વિકાસ સાધે તેવા ઉમદા આશયથી આપણા દેશમાં સહકારિતા મંત્રાલય ઊભું કરવામાં આવેલ છે.

કૃષિ સેવા સહકારી મંડળીની વાત કરીએ તો કૃષિ સેવા સહકારી મંડળી કે જે ગ્રામ્ય કક્ષાએ હોય છે. જે ખેડૂતો માટે છે. ખેડુતોથી ચાલે છે અને ખેડૂતોની સહકારી સંસ્થા છે. ગુજરાતમાં આવી લગભગ ૧૦,૩૦૦ સહકારી મંડળીઓ છે. આ મંડળીઓ સામાન્ય રીતે તેના સભાસદોને ધિરાણ પૂરૂં પાડે છે. સાથે સાથે ખેત સાધન સામગ્રીનો વેપાર કરે છે. આ મંડળી વિવિધ પ્રવૃત્તિ કરી શકે તે માટે સરકારશ્રી એ મોડેલ બાયલોઝ બનાવી તે બાયલોઝ બનાવી તે બાયલોઝની જોગવાઈ મુજબ ઘણીબધી કામગીરી કરવાની તકો ઊભી થયેલ છે.

ગામડામાં ખેડૂતો સિવાય અન્ય કારીગરો ખેત મજુરો, અન્ય મજુરો, નાના ધંધાર્થીઓ, મહિલા સંગઠનો, ગૃહ ઉદ્યોગકારો, વિદ્યાર્થીઓ આમ ઘણા બધા પ્રકારના માણસો હોય છે. આ દરેકની અલગ અલગ જરૂરીયાત હોય છે. ગામના લોકોની જરૂરિયાતો પૂરી પાડવા આ મંડળી નીચે મુજબની કામગીરી કરી ગામની એક હાટડી બની શકે છે.

**કોમન સર્વિસ સેન્ટર :-** મંડળી ઇન્ટરનેટ કનેક્શન મેળવી ખેડૂતો, વિદ્યાર્થીઓ, નાના ધંધાર્થીઓ વિગેરે દરેકને ઓનલાઇન અરજીની સેવા આપી શકે છે. આધારકાર્ડ, પાનકાર્ડ, હેલ્થકાર્ડ, ચૂંટણીકાર્ડ, ટીકીટ બુકિંગ, ઝેરોક્ષ વિગેરે સેવાઓ આપી શકે છે.

**રેશનિંગ વેપારઃ-** બીપીએલ કાર્ડ ધારકોને સરકારશ્રી તરફથી ખાંડ, અનાજ, તેલ અન્ય ઘર ઉપયોગી ચીજ વસ્તુઓ વિગેરે રાહત દરે પૂરા પાડવામાં આવે છે. આ કામગીરી સહકારી મંડળી કરી શકે છે. જેથી બીપીએલ કાર્ડ ધારકોને સ્થાનિક કક્ષાએ સગવડતા મળી શકે છે.

**રૂપાંતરણ :-** સ્થાનિક કક્ષાએ ખેત પેદાશ મુજબ ખેત પેદાશનું રૂપાંતર જેમ કે મગફળીની મીની ઓઇલ મિલ, કપાસ જીનિગ, દાળ મિલ, ફ્રુટ જ્યુસ, સોસ વિગેરે કામગીરી મંડળી કક્ષઆએ કરવામાં આવે તો ખેડૂતોને સારૂ વળતર આપી શકે છે અને વાપરનાર વર્ગને સ્થાનિક કક્ષાએ વ્યાજબી ભાવે ચીજ વસ્તુ મળી રહે છે.

**– શ્રી ડી.બી.ગોટી**
ફેકલ્ટી મેમ્બર,
NICM - ગાંધીનગર

**ગ્રેડિંગ પેકિંગ :-** ખેડૂતોને પેદાશના સારા ભાવ મળી રહે તે માટે ખેત પેદાશોનું શોર્ટિંગ, ગ્રેડિંગ, પેકિંગ વગેરે કામગીરી મંડળી કક્ષાએ કરવામાં આવે તો ખેડુતોને સ્થાનિક કક્ષાએ સગવડતા મળી રહેશે.

**માર્કેટિંગ :-** સ્થાનિક ખેત પેદાશની ખરીદી કરી તેનું ગ્રેડિંગ-પેકિંગ કરી સ્થાનિક કક્ષાએ મંડળીની બ્રાંડથી વેંચાણ કરવામાં આવે તો ખેડૂતોને સ્થાનિક કક્ષાએ વેંચાણ સગવડતા મળી રહે છે. અને વાપરનાર વર્ગને વ્યાજબી ભાવે સ્થાનિક કક્ષાએ ચીજ વસ્તુઓ મળી રહે છે.

**વેપાર :-** મંડળી એક એવું યુનિટ બની રહે કે જ્યાંથી ખેતીની તમામ નાની મોટી દરેક સાધન સામગ્રી મળી રહે. ઘરવપરાશની તમામ જરૂરીયાતો, ફળ, શાકભાજી, હાર્ડવેર, મેડિકલ સ્ટોર, પેટ્રોલ પંપ, ગેસ વિતરણ વિગેરે સ્થાનિક શક્યતા, જરૂરિયાત અને ગ્રાહકની માંગ મુજબ દરેક ચીજ વસ્તુનો વેપાર કરી શકે છે.

**સ્થાનિક રોજગારી :-** કૃષિ સેવા સહકારી મંડળી ઉપર મુજબ તમામ કામગીરી કરતી થાય તો મેનેજર, ક્લાર્ક, ઓપરેટર, સ્કીલ્ડ કારીગરો, મજુરો વિગેરે દરેકની જરૂર પડે આ દરેક સ્થાનિક કક્ષાએથી મેળવી શકે છે. તેમજ અનુસંગિક અન્ય વ્યવસાય પણ વિકસે છે. પરિણામે મંડળી દ્વારા સ્થાનિક કક્ષાએ સારી એવી રોજગારી ઊભી થાય છે.

આમ મંડળી એક એવું યુનિટ બની રહે કે જ્યાંથી ખેડૂત અને આમ જનતા આ દરેકને પોતાની જરૂરીયાતની ચીજવસ્તુઓ મળી રહે. તમામ લોકોનો મંડળી સાથેનો સંપર્ક વધતો રહે. મંડળીની આગવી ઓળખ ઉભી થાય તેમજ ગામના દરેક લોકોમાં એવો વિશ્વાસ બેસી જાય કે મંડળીમાંથી દરેક વસ્તુઓ લેવી અને મંડળી ઉતરોતર નવાનવા વેપાર વધારતી જાય પરીણામે કૃષી સહકારી મંડળી ગામની એક હાટડી બની જાય.

મંડળી અને ગ્રામ્ય લોકો એક બીજાના પુરક બનીને એક બીજાની સાથે રહીને વફાદારી પૂર્વક વહેવાર કરી કાયમી ધોરણે એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાથી મંડળી ગામ માટે એક આધાર સ્થંભ બની જાય છે. દેશમાં જે આત્મનિર્ભરતા ઊભી કરવાની વિચારણા અને પગલાંઓ અમલી બની રહ્યાં છે. ત્યારે તેની પાયાની જે જરૂરિયાત થઇ રહે છે. તે કૃષિ સહકારી મંડળીનું એકમ હવે અત્યંત સર્વગ્રાહી, સર્વવ્યાપક અને સમાવેશી બનવા જઇ રહ્યું છે. ત્યારે કૃષિ સહકારી મંડળીનું કાર્ય ફલક વિસ્તરતું રહે એ પણ એટલું જ જરૂરી છે.

**સહાર દ્વારા સમૃદ્ધિ**
**જય સહકાર**
**જય કિસાન**

કૃષિ સેવા સહકારી મંડળીની વાત કરીએ તો કૃષિ સેવા સહકારી મંડળી કે જે ગ્રામ્ય કક્ષાએ હોય છે. જે ખેડૂતો માટે છે. ખેડુતોથી ચાલે છે અને ખેડૂતોની સહકારી સંસ્થા છે. ગુજરાતમાં આવી લગભગ ૧૦,૩૦૦ સહકારી મંડળીઓ છે. આ મંડળીઓ સામાન્ય રીતે તેના સભાસદોને ધિરાણ પૂરૂં પાડે છે. સાથે સાથે ખેત સાધન સામગ્રીનો વેપાર કરે છે. આ મંડળી વિવિધ પ્રવૃત્તિ કરી શકે તે માટે સરકારશ્રી એ મોડેલ બાયલોઝ બનાવી તે બાયલોઝ બનાવી તે બાયલોઝની જોગવાઇ મુજબ ઘણીબધી કામગીરી કરવાની તકો ઊભી થયેલ છે.

બિઝનેસ

# કોઇપણ પ્રવૃતિ કે ધંધામાં નફો શા માટે આવશ્યક છે..?

લાભ એટલે શ્રી સવા એટલે કે પ્રવૃતિ કે ધંધામાં ખર્ચ કાઢતા કંઇક બચે જેને નફાના નામથી ઓળખવામાં આવે છે. નફો જો શક્ય નથી તો એકમનું અસ્તિત્વ પણ પ્રશ્નાર્થ ઊભો કરે છે. બેન્ક હોય કે વેપાર હોય એ બધામાં કમાણીનું તત્વ આજના સ્પર્ધાત્મક માહોલમાં ખૂબ આવશ્યક બની ગયું છે. નફો મેળવતો રહે તો સ્વભંડોળમાં ક્રમશઃ વૃદ્ધી શક્ય બને છે. ખર્ચામાં કરકસર કરવાથી લાભ શક્ય બને છે. અથવા વધુ ટર્નઓવર જરૂરી માનવામાં આવે છે. નફાનો ગાળો વધુ ને વધુ સાંકડો થઇ રહ્યો છે કેમ કે ઓપરેટિંગ ખર્ચ સતત વધતો જાય છે. એ વાસ્તવિકતા પણ છે. નફો એ કોઇ આકસ્મિક ઘટના હરગીજ હોતી નથી એ કૌશલ્યપૂર્ણ પ્રયાસો અને આયોજનનું પરિણામ માનવામાં આવે છે. સેવા ભાવનાથી ચાલતી પ્રવૃત્તિઓમાં પણ હયાતી ટકાવી રાખવા કંઇક લાભ તો ઈષ્ટ કે ઉચિત માનવામાં આવે છે. જ્યાં લાભ કે નફાની કોઇ ઈચ્છાજ નથી ત્યાં પ્રવૃતિ પણ ટકી શકતી નથી. નફો એકમની ગુણાત્મક અને સઘનતાના અંગોને જુદી જુદી રીતે સ્પર્શે છે.

**બેન્કિંગમાં નફા તત્વ કઈ રીતે મહત્વનું :-**

થાપણદારોને હિતને અગ્રતા આપી ઉમદા શ્રમ કરવાનો સિદ્ધાંત વણલખ્યો પ્રવર્તે છે. અને જેનાથી લોકોનો વિશ્વાસ પણ ટકી રહે છે. નફાના આયોજનમાં ધ્યેય ફંડના ખર્ચા ઓછા થાય અને મિલકતો પર સારું વળતર મળે તે માટેની સતર્કતા રાખી આવકના સ્ત્રોતને સાતત્ય પૂર્ણ રાખવાનો સમાવેશ થાય છે. વહીવટી ખર્ચા, નાણાંકીય ખર્ચા અને જોખમ ખર્ચને અંકુશિત કરવાની સાથે મિલકતોની ઉમદા ગુણવતા જળવાય તો નફાનું સર્જન શક્ય બને છે. જોખમ ખર્ચ કે જે મિલકતોની ગુણવતા ઉપર જ અવલંબે છે માટે બિન ઉપજાઉ મિલકતો વધે નહીં એ અત્યંત મહત્વની બાબત માનવામાં આવે છે. વહીવટી ખર્ચા (Cost Of Management) વધતી મોંઘવારી કે ભાવવૃદ્ધી સાથે જોડાયેલા હોય છતા કરકસરથી સારું પરિણામ લાવી શકાય છે. નફાનાં સ્તરથી બેંકની બ્રાન્ડ ઈમેજ ઊભી થતી હોય છે. બહારના ધિરાણ ઓછા લેવાંથી નાણાંકીય ખર્ચ પણ આયોજિત રીતે રાખી શકાય છે.

બેન્કોની કમાણી પ્રત્યક્ષ રીતે નફાના દર સાથે જોવામાં આવે છે. ઓપરેટિંગ પ્રોફિટ, નેટ પ્રોફિટ, રિટર્ન ઓન ઈક્વિટી આ બધા મહત્વના માપદંડો છે. જેના પાયામાં નફો (Profit ) અવિરત રીતે જોડાયેલો હોય છે. ઓડિટ રેટિંગમાં પણ સીધી કે પરોક્ષ રીતે નફો કેટલો થયો તેની દ્રષ્ટીએ મૂલ્યાંકનમાં જોવા મળે છે. (૧૦૦માંથી ૩૫ માર્કસ) કિ ફેક્ટર્સ । માપદંડોના વેઈટેજમાં નફાનો પણ ઘણો ફાળો હોય છે. બેન્કના CRARને વધારવામાં નફાનું યોગદાન અવશ્ય હોય તેવું કહી શકાય. બેન્કના ઓડિટમાં પણ CRARની ગણતરી કરવા નીચેની પદ્ધતિ જોવા મળે છે.

Tier 1 Capital + Tire 2 Capital
----------------------------------X 100
Risk Based Assets (RWA)

– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી
NICM - ગાંધીનગર

**નફાને મુલવવાના અન્ય ઘટકો :-**

**(૧) ધિરાણ લેવાની ક્ષમતામાં વૃદ્ધી કરે છે:-** ધિરાણ લેવાની ક્ષમતા માટે સહકારી નાણાં સંસ્થઆઓમાં જોઈએ તો શેર ભંડોળ તથા અનામતોના આધારે જ નિર્ણય લેવામં આવે છે. ગ્રાહકવર્ગમાં અને ધંધામાં વૃદ્ધિ થાય તો ફરીથી વધું સારું કમાવવા ઉમદા ભવિષ્યને ઊભું કરી શકે છે. બેન્કિંગમાં વિશ્વાસ બહુજ મહત્વનું તત્વ છે. જેમાં ઉમદા વળતર થતા સમયે સેવા પ્રાપ્ત થાય તો બ્રાન્ડ ઈમેજ બની રહે છે. જો કે સઘળું સંચાલન પણ એટલું જ મહત્વ ધરાવે છે.

| ઈન્સપેક્શન રેટિંગ | વ્યક્તિગત | યુનિટ વાઈઝ એ. લિમિટ | સેક્ટરવાઈઝ એ. લિમિટ |
|---|---|---|---|
| A | રૂ. ૬૦ લાખ | ૬૦ (%) | ૫૦ (%) |
| B | રૂ. ૪૦ લાખ | ૫૦ (%) | ૪૦ (%) |
| C | રૂ. ૨૫ લાખ | ૪૫ (%) | ૩૫ (%) |
| D | | ૪૦ (%) | ૩૦ (%) |

**(૨) નફાથી એક્સપોઝર લિમિટમાં વિસ્તરણ શક્ય બને છે. :-** નફાથી મુડી તથા ઈન્ટરનલ લેન્ડેબલ રિસોર્સીસમાં વૃદ્ધી થઈ શકે છે જેના કારણે એક્સવાઈઝ અને સેક્ટરવાઈઝ એક્સપોઝર લિમિટમાં વધારો થઈ શકે છે.

**(૩) ડિવિડન્ડ મેળવવાનું નફાથી શક્ય બને છે :-** જે સભાસદોએ શેર લીધા હોય તેને એ રકમ ઉપર કંઈક નાણાંકીય વળતરની અપેક્ષા હોય તે સહજ છે. કેમ કે તે બીજા વિકલ્પો છોડીને તે બેંકના શેર લેતા હોય છે. સારું વળતર એટલે ૨૦% સુધીનું પ્રાપ્ત થતું ડિવિડન્ડ જે સંસ્થાની પણ ગૌરવપૂર્ણ હકીકત બને છે. તો બીજી તરફ ધંધામાં હિસ્સેદારી ધરાવતા સભ્યોની અપેક્ષાને પૂર્ણ કરે છે. આ માટે કમાણીના મૂળ સ્વરૂપ નફામાં વૃદ્ધિ બહુજ અપેક્ષિત હોય છે.

**(૪) નાણાં સંસ્થાની બ્રાન્ડ ઈમેજ નફા વૃદ્ધિથી શક્ય બને છે:-** શેર દીઠ કમાણીં ઊંચા ડિવિડન્ડથી પ્રભાવી રૂપમાં થાય ત્યારે સભ્યો પણ નાણાં સંસ્થાની નાણાકીય સદ્ધરતાની ઓળખ સ્વરૂપે અનુભવે છે જેથી તે ગ્રાહકવર્ગને જે તે વિસ્તારમાં વિસ્તરણથી પ્રાપ્ત કરી શકે છે.

**(૫) ખર્ચાળ ધિરાણોને નફાવૃદ્ધિથી કમ કરી શકાય છે:-** નફો કોસ્ટલી બોરોઈંગને ઘટાડે છે. અને સ્વભંડોળને ક્રમશઃ વધુ મજબૂત કરે છે. અન્ય ભંડોળ ઉપરનું અવલંબન કમ કરવામાં નફો મહત્વનું કાર્ય કરે છે.

નાણાંકીય માર્જીનમાં સુધારણા કે વૃદ્ધિ થઈ શકે છે. (યિલ્ડ ઓન એસેટ્સ માઈનસ કોસ્ટ ઓફ ફન્ડસ્)

**(૬) ટેકનોલોજી અપગ્રેડેશનમાં નફો સહાયક બને છે:-** ગ્રાહકોને નવા યુગની અદ્યતન સેવાઓ પસંદ છે અને જે નાણાં સંસ્થા પાસે આર્થિક સક્ષમતા હોય તે આ સુવિધાઓને ગોઠવી શકે છે. જેથી ઝડપી સુદ્રઢ સેવા ઉપલબ્ધ થાય અને પરિણામે બહોળો ગ્રાહક બેઝ ઊભો થઈ શકે છે. ત્યારે નફો એવો કે તેમાં વૃદ્ધિ થતી રહે એ પણ ખૂબ જ આવશ્યક છે. પુરતા નાંણાંકીય સ્ત્રોત માં નફાની ગણતરી જરૂરી અંગ કહેવાય છે.

**(૭) શાખાઓનું વિશાળ નેટવર્ક શક્ય બનાવવામાં નફો અને નફાકારકતા અત્યંત ઉપયોગી માનવામાં આવે છે:** શાખાઓના વિસ્તરણ કરતી વખતે જરૂરી નવી ભરતી કરવી પડે તથા સ્થાનિક લોકોને જોબની તક પણ મળે તે માટે નાણાં સંસ્થાની આર્થિક સદ્ધરતામાં નફો મહત્વની બાબત માનવામાં આવે છે. વહીવટી ખર્ચા વધે તો નફામાં પણ વૃદ્ધિ થાય તે પ્રકારના આયોજન કરતા રહેવા જરૂરી બને છે.

**(૮) ધંધાના વૈવિધ્યકરણની સક્ષમતા માટે નફો મહત્વનું અંગ કહેવાય છે:** (Diversification of Buisness) આંતરિક નાણાંકીય સ્ત્રોત કે સંસાધનોમાં વૃદ્ધિ થાય તો બધુ સલામત તથા કમાણી કરનારૂ ધિરાણ કે રોકાણ શક્ય બને છે જે ભાવિ સ્થિતિને મજબૂત બનાવે છે. ત્યારે નફો ખુબ મહત્વનું સ્થાન ધરાવે છે.

**(૯) કર્મચારી કલ્યાણકારી પગલાઓ લેવામાં નફો સહાયતા બક્ષે છે:** જેમ કે વેતન વૃદ્ધિ, પ્રોત્સાહનો આપવા, બોનસ જાહેર કરવું, એક્સગ્રેસિયા અન્ય સહાયક રકમ આપવી આવા પગલાથી સ્ટાફમાં વધુ ગૌરવ અને નૈતિકતાનું સર્જન થતું હોય છે. જેથી તેઓની કાર્યક્ષમતા વધે તથા વફાદારી મજબૂત બને છે. દરેક કામદાર સફળતામાં સ્વયંનું યોગદાન આમતો હોય છે.

**(૧૦) નફો એ આકસ્મિક ઘટના નથી:** તેમાં આયોજન, પ્રયાસો, આકલન, મિલકતની ગુણવતા માટેની કાળજી, મુડી ગુણોતરની ચિંતા, પ્રબંધનની જાગરૂકતા વગેરેનો સમન્વય હોય ત્યારે નફો કમાઈ શકતા હોઈએ સમયાંતરે નવા પરિવર્તનો પણ સ્વીકૃત કરવા પડે છે. સહકારી સંસ્થાઓમાં વિશેષ જાગૃતિ કેળવવા અભિગમમાં પણ પરિવર્તન આવશ્યક છે. બધા સુખ સંપન્ન થાય તો ભારત સમૃદ્ધ થશે.

બેન્ક હોય કે વેપાર હોય એ બધામાં કમાણીનું તત્વ આજના સ્પર્ધાત્મક માહોલમાં ખુબ આવશ્યક બની ગયુ છે. નફો મેળવતો રહે તો સ્વભંડોળમાં ક્રમશઃ વૃદ્ધી શક્ય બને છે. ખર્ચામાં કરકસર કરવાથી લાભ શક્ય બને છે. અથવા વધુ ટર્નઓવર જરૂરી માનવામાં આવે છે. નફાનો ગાળો વધુ ને વધુ સાંકડો થઇ રહ્યો છેકેમ કે ઓપરેટિંગ ખર્ચ સતત વધતો જાય છે. એ વાસ્તવિકતા પણ છે. નફો એ કોઇ આકસ્મિક ઘટના હરગીજ હોતી નથી એ કૌશલ્યપુર્ણ પ્રયાસો અને આયોજનનું પરિણામ માનવામાં આવે છે.

દાનનો મહિમા

# દાન એટલે નારાયણ પણું

આપણા શાસ્ત્રોમાં દાનનો મહિમા ખુબ દર્શાવવામાં આવ્યો છે. દાન એ લોક કલ્યાણની ભાવના છે. આ ભવ્ય ભાવના દરેકના હૃદયમાં વસેલી હોવી જોઇએ. આપણું જીવન આપણાં એકલા જ માટે છે એવું નહી માનતા સર્વના માટે છે એવુ માનવું જોઈએ. સર્વ શાસ્ત્રોમાંથી એક જ સાર નિકળે છે. દાન, ઉદારતા અને પરોપકાર જેવો અન્ય કોઇ ધર્મ નથી. દાન આપવું એ માનવ માત્રનું કર્તવ્ય છે. જે મનુષ્ય જનકલ્યાણ માટે મથતો નથી તેનું જગતમાં જન્મવુ અને જીવવુ ભારરૂપ છે. મનુષ્યનો "સ્વધર્મ" દાન છે. આપણા જીવનનો ઉદ્દેશ્ય માત્ર પોતાને જ સુખી કરવાનો નથી પરંતુ "સર્વજનહિતાય", "સર્વજનસુખાય" આવી ભાવનાઓ સાથે બીજાઓના સુખ માટે પણ આપણે પ્રયત્ન કરવાનો છે. આ રીતે આપણે જીવીએ તો સાચા અર્થમાં સુખી થઇ શકીએ. ગીતામાં કહ્યુ છે. "યજ્ઞ, દાન અને તપ આ ત્રણેય મનુષ્યને પવિત્ર કરવા વાળા છે." તેનો ત્યાગ ક્યારેય ન કરવો, ચાણક્યે દર્શાવ્યું છે. "દાનથી હાથની શોભા વધે છે, આભુષણોથી નહી." આપણા આદરણિય સંત પુજ્ય મોરારીબાપુ પણ કહે છે.

"બે હાથ વડે આપવું તે નરપણું છે, ચાર હાથ વડે આપવું એ નારાયણ પણું છે. જે વહેંચવામાં આવે તે પ્રસાદ છે જે સંગ્રહ કરવામાં આવે તે વિષાદ છે." દાન આપવાથી માનવીની મહત્તા વધે છે. ઘણા ભેગુ કરીને ખાય છે, ગણા ભેગા થઇને ખાય છે. ભેગુ કરીને એકલા ખાવામાં શુ મજા છે ? ભેગા થઇને ખાઇએ એનો આનંદ અનેરો હોય છે. શ્રીમદ્ ભાગવતમાં કહેવામાં આવ્યુ કે મનુષ્યએ તેની કમાણીનો દસમો ભાગ સમાજને દાનમાં આપવો જોઇએ. "વસુધૈવ કુટુંબકમ"માં દાનનું જ મહત્વ રહેલુ છે. દાન આપવાનો આનંદ મનુષ્યના જીવનને નંદનવન બનાવી આપે છે.

દાન એટલે પોતાની કમાણીમાંથી બદલાની અપેક્ષા વગર બીજાને કંઇક આપવું પોતાની પાસે જે કંઇપણ હોય તેનો સ્વયં ઉપયોગ કરી અન્યને માટે પણ થોડો ભાગ કાઢવો તે દાન છે. કળિયુગમાં દાન શ્રેષ્ઠ છે. સાચો ધનવાન એ છે કે બીજાને કંઇક આપી પછી પોતે ભોગવે છે.

"આપ્યુ તે આપણું, રાખ્યુ તે રાખનું" - એ સત્ય સમજનારા દાન આપતા હોય છે. "સ્વ" ની સાથે સાથે "સર્વનું" કલ્યાણ ઈચ્છનારા દાન આપતા હોય છે. પરોપકારી, દયાળુ અને ઉદાર મનોવૃત્તિ વાળા મનુષ્ય દાન આપતા હોય છે.

જ્યારે કંજુશ, લોભી, દયાહીન વ્યક્તિ દાન આપી શકતા નથી માનવતા વિહિન મન અને મગજ ધરાવતી વ્યક્તિ દાન આપતા નથી. સાત પેઢીના સંગ્રહના મોહમાં ડુબેલા વ્યક્તિ દાન આપી શકતા નથી. આપણા સમાજમાં દરેક મનુષ્ય બધી બાબતે સમાન નથી.

અમીર-ગરીબ, નિર્બળ-સબળ વગેરે ભેદ જોવા મળે છે આથી એક મનુષ્યને બીજા મનુષ્યને સહાય કરવાની જરૂરિયાત ઊભી થાય છે.

"સ્નેહપૂર્વક અપાયેલું નાનામાં નાનું દાન પણ મોટું હોય છે. હાલતો ધીરજ, સમભાવ, વિચાર અને સલાહનું દાન મોટું દાન છે."

**– શ્રી નવિન વી. વાછાણી**
૩૦૧ - સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪
મો.: ૯૯૭૯૪૬૯૯૧૭

**- અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર...**

સાઈબર ક્રાઈમ

# સાઇબર ક્રાઇમથી સાવધાન

સાઈબર ક્રિમિનલની ગેંગનુ મોટુ નેટવર્ક, તેમાં પણ શાર્પ શુટરો હોય છે. ભારતમાં સાયબર ક્રાઈમ ધીકતો ધંધો બની ગયો છે. સાઈબર ક્રિમિનલ લોકોને ડરાવી રહ્યા છે. દરેક ફોન કોલ શંકાથી જોવાઈ રહ્યા છે. સત્તા વાળાઓ તરફથી જાગૃતિના લેવાયેલા અનેક પગલા ફ્લોપ ગયા હોય એવું દેખાઈ આવે છે. આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલા તમામ ટ્રાન્ઝેક્શન પર જેમ ઈન્કમટેક્ષ ખાતાની નજર હોય છે તેમ સાયબર ક્રીમીનલ ગેંગની પણ નજર હોય છે.

ભારતમાં યુપીઆઈ પેમેન્ટ સિસ્ટમ બહુ વપરાશમાં આવી ચૂકી છે. અને બહુ ઉપયોગી પણ બની છે. પરંતુ તેના લુપહોલ્સ સાયબર ક્રિમિનલની નજરમાં આવી ગયા છે. ઈન્ટરનેટ ટેક્નોલોજી સાથે સંકળાયેલા નિષ્ણાંતો માથું ખંજવાળે છે. કેમકે ૪૭ ટકા જેટલા સાયબર ક્રાઈમ યુપીઆઈ પેમેન્ટ તેમજ ઓનલાઈન કેશ ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલા હોય છે.

હકીકત તો એ છે કે દરેક યુપીઆઈ એકાઉન્ટ બેન્કો સાથે જોડાયેલા હોય છે. છતા લાખો લોકો રૂપિયા ગુમાવી રહ્યા છે અને સાયબર પોલીસને સાયબર ક્રિમિનલ સીધો પડકાર ફેંકી રહ્યા છે. સાયબર ક્રિમિનલ ની એકલ દોકલની ટીમ નથી હોતી પણ જેમ ગુંડાઓનું નેટવર્ક હોય છે અને તેમાં શાર્પ શુટરો હોય છે. એમ સાયબર ક્રિમિનલ ગેંગમાં પણ હોય છે. એક અહેવાલ અનુસાર સાયબર ક્રાઈમ કરતા શીખવાડતા ટ્રેઈનીંગ સેન્ટરો હોય છે. તેની એક બેંચમાં ૨૦૦થી વધુ લોકોને ટ્રેઈન કરાતા હોય છે. લોકો ટ્રેઈનીંગ લઈને પોતાના વિસ્તારમાં સાયબર ક્રિમિનલ ગેંગ ઊભી કરી શકે છે. તેની ફી ૫૦,૦૦૦ રૂપિયા જેટલી હોય છે. ફોન કરતા કૌભાંડીઓ દરેક ભાષા જાણતા હોય છે. માટે તેના શિકાર સાથે સરળતાથી વાત કરીને તેને ટ્રેપમાં ફસાવી દે છે. આડા અવળી ગુનાખોરી કરીને વધુ કમાણી મળી રહી છે. અઠવાડીયે એકાદ શિકાર પકડાય તો પણ તે પાંચ દશ લાખ રૂપિયા ખેંચી લાવે છે.

લોકો પોતાની નજર સામે ખાતામાંથી ફટોફટ પૈસા જતા જોઈ રહે છે અને ક્રિમિનલ તેની કારીગરી કરીને છુ થઈ જાય છે. જે બેંકમાં પૈસા જમા થયા હોય છે તેની ખોટી વિગતો ના આધારે ખાતુ ખુલ્યુ હોય છે કે અન્ય કોઈના નામે ખાતુ ખુલ્યુ હોય છે અને તે ખાતામાં વહીવટ સાયબર ક્રિમિનલ કરતા હોય છે.

એવા વિચિત્ર કિસ્સા બને છે કે જેમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી સાથે સંકળાયેલાને પણ રોવાનો વારો આવે છે. મધ્યમ વર્ગના અને નિવૃત લોકોના જ્યારે પાંચ-છ લાખ રૂપિયા ખાતામાંથી સરકી જાય છે. ત્યારે તે શુન્ય બની જાય છે. તે પોલીસ સુધી પહોંચે છે. ફરીયાદ પણ આપે છે અને લુખ્ખું સાંત્વન લઈને પરત ફરે છે. ઓનલાઈન છેતરપિંડી કરનારાનાઓને તેમના બોસ ટ્રેઈનીંગ આપતા હોય છે. આ લોકો હ્યુમન સાઈકોલોજીના નિષ્ણાંત હોય છે. તેમની વાતોમાં હજારો લોકો ફસાયા છે અને ફસાઈ રહ્યા છે.

હવે આ લોકો મહિલાઓને ફસાવી રહ્યા છે. જેમકે ચેક આવ્યો છે, પ્રોવિડન્ડ ફંડનું વ્યાજ આવ્યુ છે, પાસપોર્ટ રિન્યુ કરવાની રકમ ભરવાની છે. એન્ફોર્સમેન્ટ અધિકારી બોલુ છુ, જેવા મુદ્દે વાતો કરીને લોકોને ફસાવે છે. ઘરની મહિલાઓ જયારે એકલી હોય ત્યારે તેના પુત્ર કે પતિનું નામ બોલીને તેનો વિશ્વાસ જીતે છે. આવી રીતે નામ દઇને વાત કરવાથી તે મહિલા પાસેથી વધુ વિગતો ખંખેરી શકે છે.

લોકો એમ માનતા આવ્યા છે કે કોઇ પેમેન્ટ જયારે બેન્કમાં જાય છે ત્યારે બેંકો પાસે ખાતેદારની પૂરેપૂરી વિગતો હશે માટે ક્રિમિનલ સુધી પહેંચી શકાશે. દિલ્હીના કેટલાક મંત્રાલયોમાંતો બોર્ડ લગાવાયા છે કે મંત્રાલયના નામે કોઇ ફોન કરીને એમ કહે કે અમે તમારૂં કામ કરી આપીશું તો ચેતતા રહેજો. આવા એજન્ટો ફ્રોડ હોય છે.

સાઇબર ક્રાઇમ સાથે સંકળાયેલાઓ મોટી કંપનીઓમાં જીએસટી, ઇન્કમટેક્ષ કે કસ્ટમના અધિકારી તરીકે ફોન કરતા હોય છે. ફોન ઉપાડનાર કંપની સરકારી લફરાથી છુટવા માંગે છે તે તરતજ સોદા માટે તૈયાર થઇ જાય છે.

અહીં ઉલ્લેખનીય છે કે યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ સિસ્ટમે (UPI) કેશ ઇઝ કિંગ જેવી વાતોનો છેદ ઉડાવી દીધો છે. ૨૦૨૨માં યુપીઆઇ દરરોજ ૨૪ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થતું હતુ જે આજે ૩૬ કરોડ પર પહોંચ્યું છે. ભારતમાં યુપીઆઇ ૨૦૧૪માં સરૂ થયુ હતું. જે આજે ઘેર ઘેર વપરાતુ થઇ ગયું છે. લોકો બેંકમાં જતા ઓછા થઇ ગયા છે. અને હાથવગી પેમેન્ટ સિસ્ટમ સાથે સેટ થઇ ગયા છે. પરંતુ સાયબર ક્રિમિનલોએ ઓનલાઇન પેમેન્ટ સિસ્ટમનો આનંદ છીનવી લીધો છે. પેમેન્ટ મોકલ્યા પછી તે મળ્યુ કે નહી તે કન્ફર્મ કરી રહ્યા છે. સાયબર ક્રાઇમમાં ૨૪ ટકાનો વધારો થયો છે તે ચિંતાજનક છે.

કેટલાક કેસોમાં સાયબર ક્રાઇમ કરનારા તમારા એકાઉન્ટમાં ૨૦૦૦ રૂપિયા મોકલીને ફોન કરે છે. કે ભુલમાં પૈસા આવી ગયા છે. પ્લીઝ મને પાછા મોકલોને એમ કહીને પૈસા પાછા મોકલનારના ખાતાનું બેલેન્સ ખાલી કરી નાખે છે. મોટી રકમ ખાલી થાય તો લોકો ઉહાપોહ કરે છે પરંતુ તે લાખ બે લાખ સુધીની રકમ લોકો જવા દે છે તેમજ ફરીયાદ કરવાનું ટાળે છે.

એક આરબીઆઇના જવાબમાં જાણવા મળ્યુ છે કે સૌથી વધુ સાઇબર ક્રાઇમના કેસો તેલંગાણા, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે. સાયબર પોલીસની પાસે નિષ્ણાંતોની ફોજ છે. પરંતુ તેમની ચોક્કસ મર્યાદા હોય છે. સાયબર ક્રિમિનલનુ નેટવર્ક એટલુ ભેદી હોય છે કે મુળ ગુનેગાર સુધી પહોંચતા બહુ સમય નિકળી જાય છે.

સાયબર ક્રિમિનલ ગેંગોએ એવો ખૌફ ઊભો કર્યો છે કે જેના કારણે દરેક ફોનને શંકાથી જોવામાં આવે છે અને બેલેન્સ વારંવાર ચેક કરતા થઇ ગયા છે.

હકીકત એ પણ છે કે વધુ કમાવવાની લાલચમાં લોકો સાયબર ક્રિમિનલ ફોન પર રોકાણ કર્યા વિના વધુ પૈસા કમાવવાની લાલચ આપે છે. ટૂંકમાં લોભીયા હોય ત્યાં સાયબર ક્રિમિનલ ફાવી જાય છે.

હકીકત એ પણ છે કે વધુ કમાવવાની લાલચમાં લોકો સાયબર ક્રિમિનલે ગોઠવેલા ટ્રેપમાં ફસાઇ જાય છે કેમ કે ક્રિમિનલે ફોન પર રોકાણ કર્યા વિના વધુ પૈસા કમાવવાની લાલચ આપે છે. ટૂંકમાં લોભીયા હોય ત્યાં સાયબર ક્રિમિનલ સમાન ધુતારા ફાવી જાય છે. સાયબર ક્રિમિનલની ગેંગોએ એવો ખૌફ ઊભો કર્યો છે કે જેના કારણે દરેક ફોનને શંકાથી જોવામાં આવે છે અને લોકો પોતાનુ બેલેન્સ વારંવાર ચેક કરતા થઇ ગયા છે. સૌથી વધુ સાયબર ક્રાઈમના કેસો તેલંગાણા, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે.

**પેજ નં.૨૧નું ચાલું...**

માણસ જ્યારે દિલથી આપે છે ત્યારે તે સાચું દાન છે. દાન પણ યોગ્ય અને ઉત્તમ વ્યક્તિને અપાય તે ઉત્તમ છે. વ્યસની,આળસુ, હલકા કામ કરનારને દાન આપવાથી દાન નકામું જાય છે. જે દાન કરે છે. તેની જગતમાં પુજા થાય છે. ને પ્રતિષ્ઠા વધે છે. કોઇ આપણી પાસે યાચના કરે ત્યારે આપણી યથાશક્તિ મુજબ આપણે તેને કંઇક આપવું જોઇએ ન આપીએ તો આપણને બંનેને અફસોસ થાય છે, આનંદ મળતો નથી.

વરસાદ મીઠુ પાણી આપનાર છે. તેથી તેનું સ્થાન ઉંચુ છે, જ્યારે જળનો સંગ્રહ કરનારા ખારા પાણી વાળો સમુદ્ર નીચે છે. દાન આપવું એ આપણી ફરજ છે. દાન કરીને આપણે અન્ય કોઇ પર ઉપકાર કરતા નથી. પરંતુ આપણા પોતાનુંજ કલ્યાણ કરીએ છીએ. એટલે જ દાન દેવું એટલે ખરેખર કંઇક પ્રાપ્ત કરવું એવો અર્થ થાય છે. જેટલુ આપવામાં આવે છે.

ભાગીદારી

# કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયા સુધી તેની પહોંચને વધુ ઊંડી બનાવવા માટે મંજૂરી આપી

દરેક આવરી ન લેવાયેલી પંચાયતમાં આર્થિક દ્રષ્ટિએ નભી શકે એવી - વ્યવહારુ પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટીઓ (પીએસીએસ)ની સ્થાપના કરવી, દરેક આવરી ન લેવાયેલ પંચાયત/ગામમાં આર્થિક દ્રષ્ટિએ વ્યવહારુ ડેરી સહકારી મંડળીઓ તથા દરેક દરિયાકિનારાની પંચાયત / ગામમાં તેમજ મોટાં જળાશયો ધરાવતી પંચાયત / ગામમાં આર્થિક રીતે વ્યવહારુ મત્સ્ય પાલન સહકારી મંડળીઓ સ્થાપિત કરવી તથા હાલની પીએસીએસ / ડેરી/ મત્સ્યપાલન સહકારી મંડળીઓને મજબૂત કરવી.

આગામી પાંચ વર્ષમાં ૨ લાખ બહુહેતુક પીએસીએસ / ડેરી / મત્સ્યપાલન સહકારી મંડળીઓ સ્થાપિત કરવાનો પ્રારંભિક લક્ષ્યાંક.
મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયની વિવિધ યોજનાઓના સમન્વય મારફતે નાબાર્ડ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ (એનડીડીબી) અને રાષ્ટ્રીય મત્સ્ય પાલન વિકાસ બૉર્ડ (એનએફડીબી)ની સહાયથી 'સંપૂર્ણ સરકાર' અભિગમનો ઉપયોગ કરીને અમલમાં મૂકવાની યોજના.

પીએસીએસ / ડેરી / મત્સ્યપાલન સહકારી મંડળીઓને તેમની વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ સ્થાપિત કરવા અને તેનું આધુનિકીકરણ કરવા સક્ષમ બનાવશે.

ખેડૂત સભ્યોને તેમનાં ઉત્પાદનનું માર્કેટિંગ કરવા, તેમની આવક વધારવા, ધિરાણની સુવિધાઓ અને ગ્રામ્ય સ્તરે અન્ય સેવાઓ મેળવવા માટે જરૂરી ફોરવર્ડ અને બેકવર્ડ લિંકેજ પૂરાં પાડશે

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાનાં સ્તરે તેની પહોંચ વધારે ગાઢ બનાવવાની મંજૂરી આપી દીધી છે. ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં દીર્ઘદ્રષ્ટાં નેતૃત્વ હેઠળ અને માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહનાં સક્ષમ માર્ગદર્શન હેઠળ સહકારિતા મંત્રાલયે દરેક ન આવરી લેવાયેલી પંચાયતમાં આર્થિક રીતે વ્યવહારુ પેક્સ સ્થાપિત કરવા, દરેક આવરી ન લેવાયેલી પંચાયત / ગામમાં વ્યવહારુ ડેરી સહકારી મંડળીઓ અને દરેક દરિયાકિનારાની પંચાયત / ગામ તેમજ વિશાળ જળાશયો ધરાવતાં પંચાયત / ગામમાં વ્યવહારુ મત્સ્યપાલન સહકારી મંડળીઓ સ્થાપિત કરવાની યોજના ઘડી કાઢી છે અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલયની વિવિધ યોજનાઓના સમન્વય મારફતે 'સંપૂર્ણ સરકાર' અભિગમનો ઉપયોગ કરીને હાલની પીએસીએસ / ડેરી / મત્સ્યપાલન સહકારી મંડળીઓને મજબૂત કરવાની યોજના છે.

શરૂઆતમાં આગામી પાંચ વર્ષમાં ૨ લાખ પીએસીએસ / ડેરી / મત્સ્ય પાલન સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવશે.

પ્રોજેક્ટનાં અમલીકરણ માટેની કાર્યયોજના નાબાર્ડ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ (એનડીડીબી) અને રાષ્ટ્રીય મત્સ્યપાલન વિકાસ બૉર્ડ (એનએફડીબી) દ્વારા તૈયાર કરવામાં આવશે.

**વર્તમાન યોજના હેઠળ સમન્વય માટે નીચેની યોજનાઓની ઓળખ કરવામાં આવી છેઃ-**

**પશુપાલન અને ડેરી વિભાગઃ** ડેરી વિકાસ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ (એનપીડીડી), અને ડેરી પ્રોસેસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (ડીઆઇડીએફ)

**મત્સ્યપાલન વિભાગઃ** પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (પીએમએમએસવાય) અને મત્સ્ય પાલન અને એક્વાકલ્ચર માળખાગત સુવિધાનો વિકાસ (એફઆઈડીએફ) તેનાથી દેશભરના ખેડૂત સભ્યોને તેમનાં ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા, તેમની આવક વધારવા, ધિરાણની સુવિધાઓ મેળવવા અને ગ્રામ્ય સ્તરે જ અન્ય સેવાઓ મેળવવા માટે જરૂરી ફોરવર્ડ અને બેકવર્ડ જોડાણો ઉપલબ્ધ થશે. જે પ્રાથમિક સહકારી મંડળીઓને પુનર્જીવિત કરી શકાતી નથી, તેમને સંકેલી લેવા માટે ઓળખી કાઢવામાં આવશે, અને તેમનાં સંચાલનના ક્ષેત્રમાં નવી પ્રાથમિક સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવશે.

ઉપરાંત નવી પીએસીએસ / ડેરી / મત્સ્ય પાલન સહકારી મંડળીઓની સ્થાપના કરવાથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકોનું સર્જન થશે, જે ગ્રામીણ અર્થતંત્ર માટે અનેકગણી અસર કરશે. આ યોજના ખેડૂતોને તેમનાં ઉત્પાદનો માટે વધુ સારા ભાવો પ્રાપ્ત કરવા, તેમનાં બજારોનાં કદને વિસ્તૃત કરવા અને તેમને પુરવઠા શૃંખલામાં એકીકૃત રીતે વણી લેવામાં પણ સક્ષમ બનાવશે.

ગૃહ અને સહકારિતા મંત્રીની અધ્યક્ષતામાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી; મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી; સંબંધિત સચિવો; નાબાર્ડ, એનડીડીબીના ચેરમેન અને એનએફડીબીના ચીફ એક્ઝિક્યુટિવ સભ્યો તરીકે એમ એક ઉચ્ચ સ્તરીય આંતર-મંત્રાલય સમિતિ (આઈએમસી)ની રચના કરવામાં આવી છે અને યોજનાનાં સરળ અમલીકરણ માટે સમન્વય માટે નિર્ધારિત યોજનાઓની માર્ગદર્શિકામાં યોગ્ય સુધારા-વધારા સહિત જરૂરી પગલાં લેવાની સત્તા આપવામાં આવી છે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે સમિતિઓની રચના પણ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ કાર્યયોજનાનાં અમલીકરણ પર કેન્દ્રિત અને અસરકારક અમલ સુનિશ્ચિત કરવાનો છે.

પંચાયત સ્તરે પીએસીએસની વાયેબિલિટી વધારવા અને તેમની વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવવા મંત્રાલયે તમામ હિતધારકો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી પીએસીએસના મૉડલ બાયલોઝ - આદર્શ પેટાકાયદા તૈયાર કર્યા છે.

પીએસીએસના આ નમૂનારૂપ પેટાકાયદા તેમને ૨૫થી વધારે વ્યાવસાયિક પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ બનાવશે, જેમાં ડેરી, મત્સ્યપાલન, ગોડાઉન સ્થાપિત કરવા, અનાજની ખરીદી, ખાતરો, બિયારણો, એલપીજી/ સીએનજી/ પેટ્રોલ/ ડિઝલ ડિસ્ટ્રિબ્યુટરશિપ, ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનું ધિરાણ, કસ્ટમ હાયરિંગ સેન્ટર્સ, કોમન સર્વિસ સેન્ટર્સ, સામાન્ય સેવા કેન્દ્રો, વાજબી ભાવની દુકાનો, સામુદાયિક સિંચાઈ, બિઝનેસ કોરસપોન્ડન્ટ પ્રવૃત્તિઓ, કોમન સર્વિસ સેન્ટર વગેરેનો સમાવેશ થાય છે. આ નમૂનારૂપ પેટાકાયદાઓને ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને સંબંધિત રાજ્ય સહકારી કાયદાઓ અનુસાર યોગ્ય ફેરફારો કર્યા પછી પીએસીએસ દ્વારા તેને અપનાવવા માટે વહેંચવામાં આવ્યા છે.

સહકારિતા મંત્રાલય દ્વારા એક રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની સહકારી મંડળીઓનાં રજિસ્ટ્રારની મદદથી પંચાયત અને ગ્રામ્ય સ્તરે સહકારી મંડળીઓનું દેશવ્યાપી મેપિંગ હાથ ધરવામાં આવ્યું છે. જાન્યુઆરી, ૨૦૨૩માં પીએસીએસનો વિસ્તૃત ડેટાબેઝ વિકસાવવામાં આવ્યો છે અને પ્રાથમિક ડેરી/ મત્સ્યપાલન સહકારી મંડળીઓનો ડેટાબેઝ ફેબ્રુઆરીનાં અંત સુધીમાં વિકસાવવામાં આવશે. આ કવાયત પીએસીએસ, ડેરી અને મત્સ્ય પાલન સહકારી મંડળીઓ દ્વારા સેવા ન આપતી પંચાયતો અને ગામોની યાદી પૂરી પાડશે. રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ અને ઓનલાઈન કેન્દ્રીય પોર્ટલનો ઉપયોગ નવી સહકારી મંડળીઓની રચનાની રિઅલ ટાઈમ દેખરેખ માટે કરવામાં આવશે.

પીએસીએસ/ ડેરી/ મત્સ્યપાલન સહકારી મંડળીઓને તેમના સંબંધિત જિલ્લા અને રાજ્ય સ્તરનાં ફેડરેશનો સાથે જોડવામાં આવશે. **'સંપૂર્ણ-સરકાર'** અભિગમનો ઉપયોગ કરીને, આ સોસાયટીઓ તેમની પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ સ્થાપિત કરવા અને આધુનિકરણ કરવા સક્ષમ બનશે, જેમ કે દૂધ પરીક્ષણ કરતી પ્રયોગ શાળાઓ, બલ્ક મિલ્ક કુલર્સ, મિલ્ક પ્રોસેસિંગ એકમો, બાયોફ્લોક તળાવોનું નિર્માણ, માછલીના કિઓસ્ક, હેચરીનો વિકાસ, ઊંડા સમુદ્રમાં માછીમારી કરતા જહાજો હસ્તગત કરવા વગેરે.

પ્રાઈમરી એગ્રિકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (પીએસીએસ), આશરે ૯૮,૯૯૫ની સંખ્યા ધરાવે છે અને ૧૩ કરોડનો સભ્ય આધાર ધરાવે છે, જે દેશમાં ટૂંકા ગાળાનાં સહકારી ધિરાણ (એસટીસીસી) માળખાનું સૌથી નીચું સ્તર છે, જે સભ્ય ખેડૂતોને ટૂંકા ગાળાનાં અને મધ્યમ ગાળાનાં ધિરાણ અને અન્ય ઈનપુટ સેવાઓ જેવી કે બિયારણ, ખાતર, જંતુનાશક વિતરણ વગેરે પ્રદાન કરે છે. તેમને નાબાર્ડ દ્વારા ૩૫૨ જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો (ડીસીસીબી) અને ૩૪ રાજ્ય સહકારી બેંકો (એસટીસીબી) મારફતે પુનઃધિરાણ આપવામાં આવે છે.

પ્રાથમિક ડેરી સહકારી મંડળીઓ, જેની સંખ્યા આશરે ૧,૯૯,૧૮૨ છે અને લગભગ ૧.૫ કરોડ સભ્યો ધરાવે છે, તેઓ ખેડૂતો પાસેથી દૂધની ખરીદી, સભ્યોને દૂધની ચકાસણીની સુવિધા, પશુઆહાર વેચાણ, વિસ્તરણ સેવાઓ વગેરે પૂરી પાડે છે.

પ્રાથમિક મત્સ્ય પાલન સહકારી મંડળીઓ, જેની સંખ્યા આશરે ૨૫,૨૯૭ છે અને આશરે ૩૮ લાખ સભ્યો ધરાવે છે, તે સમાજના સૌથી વધુ હાંસિયામાં ધકેલાયેલા વર્ગોમાંના એકને સેવા પૂરી પાડે છે, તેમને માર્કેટિંગ સુવિધાઓ પૂરી પાડે છે, માછીમારીનાં સાધનો, માછલીનાં બિયારણ અને આહારની ખરીદીમાં મદદ કરે છે અને મર્યાદિત ધોરણે સભ્યોને ધિરાણની સુવિધા પણ પૂરી પાડે છે.

જોકે, હજી પણ ૧.૬ લાખ પંચાયતો પીએસીએસ વિનાની છે અને લગભગ ૨ લાખ પંચાયતો કોઈ પણ ડેરી સહકારી મંડળી વિનાની છે. દેશનાં ગ્રામીણ અર્થતંત્રને ટકાવી રાખવામાં આ પ્રાથમિક સ્તરની સહકારી મંડળીઓએ ભજવેલી મહત્ત્વની ભૂમિકાને ધ્યાનમાં રાખીને દેશમાં સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા, તળિયા સુધી તેની પહોંચ વધુ ઊંડી બનાવવા અને જે તે કિસ્સા મુજબ તમામ પંચાયતો / ગામડાંઓને આવરી લેવા માટે આ પ્રકારની સોસાયટીઓ સ્થાપીને તેમનાં વ્યવસ્થિત વિતરણને સંબોધવા સહિયારા પ્રયાસો કરવાની જરૂર છે.

---

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાનાં સ્તરે તેની પહોંચ વધારે ગાઢ બનાવવાની મંજૂરી આપી દીધી છે. ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં દીર્ઘદ્રષ્ટાં નેતૃત્વ હેઠળ અને માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહનાં સક્ષમ માર્ગદર્શન હેઠળ સહકારિતા મંત્રાલયે દરેક ન આવરી લેવાયેલી પંચાયતમાં આર્થિક રીતે વ્યવહારુ પેક્સ સ્થાપિત કરવા, દરેક આવરી ન લેવાયેલી પંચાયત / ગામમાં વ્યવહારુ ડેરી સહકારી મંડળીઓ અને દરેક દરિયાકિનારાની પંચાયત / ગામ તેમજ વિશાળ જળાશયો ધરાવતાં પંચાયત / ગામમાં વ્યવહારુ મત્સ્યપાલન સહકારી મંડળીઓ સ્થાપિત કરવાની યોજના ઘડી કાઢી છે અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલયની વિવિધ યોજનાઓના સમન્વય મારફતે 'સંપૂર્ણ સરકાર' અભિગમનો ઉપયોગ કરીને હાલની પીએસીએસ / ડેરી / મત્સ્યપાલન સહકારી મંડળીઓને મજબૂત કરવાની યોજના છે.

કૃષિ વિષયક

# ટકાઉ ખેતીમાં જમીન આરોગ્ય પત્રકની ઉપયોગીતા

પર્યાવરણનું રક્ષણ કરવા અને જમીનના સ્વાસ્થ્યને સુધારવા માટે રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટીને આગામી વર્ષોમાં અડધી થઈ જાય તેવા પ્રયત્નો કરવા માટે ભારતના વડા પ્રધાનશ્રી એ આહવાન આપ્યું. હકીકત એ છે કે આ પડકાર ઉપાડવા માટે પાક ઉત્પાદનના વર્તમાન સ્તરને ટકાવી રાખવા સાથે-સાથે પાક ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે રાસાયણિક ખાતરોની સાથે સેન્દ્રિય ખાતરો તથા જૈવિક અભિગમોના સમન્વય તરફ ખેડૂતોને વધુ પ્રોત્સાહિત કરવા પડશે.

**સોઈલ હેલ્થ કાર્ડ :-**

ઘનિષ્ટ ખેતી પધ્ધતિમાં રાસાયણિક ખાતરોનો વધુ પડતો વપરાશ જમીનની ફળદ્રુપતાને ઘણી અસર કરી છે. જેના કારણે પાકની ઉત્પાદકતા ઘટી છે. જેના કારણે પાક ઉત્પાદન ખર્ચ અને ખેડૂતો પર ખર્ચનો બોજ વધ્યો છે. આ સમસ્યાના ઉકેલ તરીકે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬માં અને ભારત સરકારે વર્ષ ૨૦૧૫માં ખેડૂતો માટે સોઈલ હેલ્થ કાર્ડ યોજના શરૂ કરી હતી. આજે ઘણા ખેડૂતો જાગૃતિના માર્ગે ચાલીને આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

સોઈલ હેલ્થ કાર્ડ એ ખેડૂતોની જમીનની માટી પરીક્ષણનું એક પ્રકારનું રિપોર્ટ કાર્ડ છે. આ કાર્ડની મદદથી ખેડૂતો જાણી શકશે કે જમીનમાં કયા પોષક તત્વોની જરૂર છે અને કયા પાકની ખેતી કરવાથી ફાયદો થશે. ખેડૂતોને જમીનની તંદુરસ્તી, ખાતરની માત્રા, ઉત્પાદન ક્ષમતા, જમીનમાં ભેજનું સ્તર, ગુણવત્તા અને જમીનની મુશ્કેલીઓને સુધારવાની રીતો વિશે માહિતગાર કરવામાં આવે છે.જેનાથી જમીનની ફળદ્રુપતાની સ્થિતિ અને પાકના ઉત્પાદકતાને અસર કરતા અન્ય મહત્વપૂર્ણ જમીન પરિમાણોની વિગતવાર માહિતી મેળવી શકાય છે.

**– શ્રી ભાવિક જે. પ્રજાપતિ,**
**– ડો. કે. સી. પટેલ,**
**– ડો. દિલીપ કુમાર,**
**– શ્રી રવિ એ. પટેલ**
માઈક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ સેન્ટર,
આરસીએઆર,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
મો.: ૯૬૬૨૮૩૮૪૬૪

**સોઈલ હેલ્થ કાર્ડથી મળતી જણકારીઃ-**

ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ પોર્ટલ વેબસાઈટ પરથી કાર્ડની પ્રિન્ટઆઉટ લઈ શકે છે અને તે ૨૩ ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ કાર્ડ દ્વારા ખેડૂતો તેમની જમીનમાં કયા પોષકતત્વોની કેટલી ખામી છે અને તે કઈ રીતે દુર કરી શકાય છે તે માટેની ખૂબ જ સારી જાણકારી મળે છે.

સોઈલ હેલ્થ કાર્ડમાં જમીન ચકાસણીના સંદર્ભથી અલગ-અલગ ૧૨ જમીન ઘટકોનો સમાવેશ કરેલ છે જેમાં જમીનનો આમ્લતા આંક (pH), દ્રાવ્ય ક્ષાર (EC), સેન્દ્રિય કાર્બન (OC) તથા લભ્ય પોષકતત્વો જેવા કે નાઈટ્રોજન (N), ફોસ્ફરસ (P), પોટેશિયમ (K), સલ્ફર (S), લોહ (Fe), મેંગેનીઝ (Mn), ઝિંક (Zn), તાંબુ (Cu), બોરોન (B) નો સમાવેશ થાય છે.

**સોઈલ હેલ્થ કાર્ડમાં આપવામાં આવેલ તત્વોના પ્રમાણના આધારે ભલામણોઃ-** જો જમીનમાં પોષકતત્વનું પ્રમાણ અલ્પમાત્રામાં કે ઓછુ હોય તો ભલામણ કરતા ૨૫ થી ૩૦ ટકા વધારે ખાતર પાકને આપવું અને જો મધ્યમ માત્રામાં હોય તો પાકની ભલામણ મુજબ ખાતર આપવું.

પરંતુ, જો જમીનમાં પોષકતત્વ પૂરતી માત્રામાં હોય તો ૨૫ થી ૩૦ ટકા ભલામણ કરેલ ખાતર કરતા ઓછુ આપવું.

**(1) જમીનનો આમ્લતા આંક (pH) :-**

- જમીનનો pH આંક ૬.૦ થી નીચે અને ૮.૫ થી ઉપર વાળી જમીનમાં પોષકતત્વોની ઉણપ જોવા મળે છે.
- અમ્લિય જમીનનો pH ૫.૫ થી નીચે હોઈ છે. તેના માટે ચુનાની ભલામણ અથવા છાણીયું ખાતર, કંપોસ્ટ અને લીલો પડવાશ આપવામાં આવે છે.
- ભાસ્મિક જમીનનો pH ૮.૫ થી વધુ હોય છે અને તે સુધારવા માટે ચિરોડી (જીપ્સમ)ની ભલામણ છે.
- જમીનમાં pH નું પ્રમાણ જાળવવાથી અલભ્ય પોષકતત્વોને લભ્ય સ્વરૂપમાં ફેરવી શકાય છે અને પરિણામે પાક દ્વારા રહેતી પોષકતત્વોની જરૂરિયાત ઓછી થવાથી રાસાયણિક ખાતરોનો વપરાશ પણ ઓછો કરી શકાય છે.

**(2) દ્રાવ્ય ક્ષારનું પ્રમાણ (EC) :-**

- જમીનમાં દ્રાવ્ય ક્ષારનું પ્રમાણ ૧.૦ ડેસી સાયમન્સ પ્રતિ મીટરથી ઓછુ હોય તો તેને યોગ્ય કહેવામાં આવે છે જે બધા પાક માટે અનુકૂળ હોય છે.
- જમીનમાં દ્રાવ્ય ક્ષારનું પ્રમાણ ૧.૦ થી ૨.૦ ડેસી સાયમન્સ પ્રતિ મીટર હોય તો તેમાં ક્ષાર અર્ધપ્રતિકારક પાકો જેવા કે જુવાર, મકાઈ, ઘઉં, ડાંગર, સૂર્યમુખી, બટાટાની વાવણી કરી શકાય.
- જમીનમાં જો દ્રાવ્ય ક્ષારનું પ્રમાણ ૨.૦ ડેસી સાયમન્સ પ્રતિ મીટર કરતા વધારે હોય તો તેમાં ક્ષાર પ્રતિકારક પાકો જેવા કે કપાસ, ઘઉં, ડાંગર પાક વાવી શકાય પરંતુ અન્ય પાકો પર તેની માઠી અસર જોવા મળે છે.

**(3) સેન્દ્રિય કાર્બન (OC) :-**

- જમીનમાં સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ ૦.૫૦ થી ૦.૭૫ ટકા હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- સેન્દ્રિય કાર્બન જમીનના ભૌતિક, રાસાયણિક અને જૈવિક કાર્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- સેન્દ્રીય ખાતર, છાણિયું ખાતર, કમ્પોસ્ટ, અળસિયાનું ખાતર, ખોળ, વિગેરે કુદરતી ખાતરોમાં સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ સારૂ હોય છે.
- રાસાયણિક ખાતરોનો ઓછો ઉપયોગ અને સેન્દ્રિય ખાતરોના વધારે ઉપયોગથી સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ જમીનમાં વધારી શકાય છે.

**(4) લભ્ય નાઈટ્રોજન (N) :-**

- જમીનમાં લભ્ય નાઈટ્રોજનનું પ્રમાણ ૨૮૦ થી ૫૬૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- પાકમાં નાઈટ્રોજનની જરૂરિયાત પ્રાથમિક અને મુખ્ય પોષકતત્વ તરીકે કરવામાં આવે છે જે છોડના ચયાપચય અને વૃદ્ધિ માટે મોટી માત્રામાં જરૂરી છે.

**(5) લભ્ય ફોસ્ફરસ (P) :-**

- જમીનમાં લભ્ય ફોસ્ફરસનું પ્રમાણ ૨૮ થી ૫૬ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- પાકમાં ફોસ્ફરસની જરૂરિયાત મુખ્ય પોષકતત્વ તરીકે કરવામાં આવે છે જેની જરૂરિયાત છોડને પ્રારંભિક તબક્કામાં મહત્તમ હોય છે. તેથી, ફોસ્ફોરસનો સમગ્ર જથ્થો વાવણી સમયે આપવામાં આવે છે.
- ફોસ્ફોરસ જમીનમાં સ્થિર અથવા એક સે.મી. વ્યાસ આસપાસ ફરતું રહે છે તેથી તેને છોડના મૂળ નજીકમાં આપવામાં આવે છે.

**(6) લભ્ય પોટાશ (K) :-**

- જમીનમાં લભ્ય પોટાશનું પ્રમાણ ૧૪૦ થી ૨૮૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- પોટાશ સામાન્ય રીતે થોડો નાઈટ્રોજન અને થોડો ફોસ્ફોરસની જેમ વર્તે છે જે નાઈટ્રોજનની જેમ પાકની લણણી સુધી જરૂરિયાત રહે છે અને ફોસ્ફોરસની જેમ ધીમે-ધીમે પાકને મળે છે જેથી પોટાશયુક્ત ખાતરોનો પૂરેપૂરો જથ્થો વાવણી સમયે જ આપવો જોઈએ.
- પોટાશ જમીનના કલીલો સાથે જોડાઈ જવાથી તેનો વ્યય થતો નથી પરંતુ રેતાળ જમીનમાં કલીલો ઓછા હોવાથી તેનો નીતાર દ્વારા વ્યય થાય છે.
- સંશોધન પરથી જણાય છે કે ગુજરાતની જમીનોમાં પોટાશની ઉણપ જોવા મળતી નથી પરંતુ ગુણવત્તાયુક્ત વધુ પાક ઉત્પાદન મેળવવા માટે કેળ, શેરડી, બટાટા તથા અન્ય શાકભાજી પાકોમાં આપી શકાય.

**(7) લભ્ય ગંધક (S) :-**

- જમીનમાં લભ્ય ગંધકનું પ્રમાણ ૧૦ થી ૨૦ પી.પી.એમ. હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- ગુજરાતની ૪૦ થી ૫૦ ટકા જમીનોમાં લભ્ય ગંધકનું પ્રમાણ ઓછુ હોવાથી તેની પૂર્તિ વાવણી સમયે પાયાના ખાતર સાથે આપવું હિતાવહ છે.
- ગંધક તત્વનું તેલિબીયા પાકોમાં તેના તેલનું પ્રમાણ વધારવા માટે ખુબજ મહત્વ છે.

**(8) સૂક્ષ્મ પોષકતત્વો :-**

- લોહ (Fe), મેંગેનીઝ (Mn), ઝિંક (Zn), તાંબુ (Cu), બોરોન (B)
- જમીનમાં લોહનું પ્રમાણ ૫ થી ૧૦ પીપીએમ, મેંગેનીઝનું પ્રમાણ ૫ થી ૧૦ પીપીએમ, ઝિંકનું પ્રમાણ ૦.૫ થી ૧.૦ પીપીએમ, તાંબાનું પ્રમાણ ૦.૨ થી ૦.૪ પીપીએમ અને બોરોનનું પ્રમાણ ૦.૨ થી ૦.૪ પીપીએમ હોય તો તેને મધ્યમ પ્રમાણ માનવામાં આવે છે.
- સૂક્ષ્મ તત્વોયુકત ખાતરોની કાર્યક્ષમતા ઘણી જ ઓછી હોવાથી, જમીનના કલીલો સાથે જોડાઈ જવાથી તથા મોટા ભાગની જમીનોના પી.એચ. ૭.૦ કરતા વધારે હોવાથી સૂક્ષ્મતત્વો છોડને લભ્ય થતા નથી. આથી કાર્યક્ષમતા વધારવા માટે વિવિધ પગલા લેવા જરૂરી છે.
- સેન્દ્રીય ખાતર જેવા કે છાણિયું ખાતર, કમ્પોસ્ટ, અળસિયાનું ખાતર, ખોળ, વિગેરેમાં ગૌણ અને સૂક્ષ્મતત્વોનું પ્રમાણ વિશેષ હોય છે. જેનો વપરાશ ઓછો કરવાથી જમીનમાં આ તત્વોની ઉણપ જોવા મળે છે.

ઘનિષ્ટ ખેતી પધ્ધતિમાં રાસાયણિક ખાતરોનો વધુ પડતો વપરાશ જમીનની ફળદ્રુપતાને ઘણી અસર કરી છે. જેના કારણે પાકની ઉત્પાદકતા ઘટી છે. જેના કારણે પાક ઉત્પાદન ખર્ચ અને ખેડૂતો પર ખર્ચનો બોજ વધ્યો છે. આ સમસ્યાના ઉકેલ તરીકે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬માં અને ભારત સરકારે વર્ષ ૨૦૧૫માં ખેડૂતો માટે સોઈલ હેલ્થ કાર્ડ યોજના શરૂ કરી હતી. આજે ઘણા ખેડૂતો જાગૃતિના માર્ગે ચાલીને આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

ધાર્મિક સાક્ષરતા

# રાષ્ટ્ર ઘડવૈયા જગદ્ ગુરૂ સ્વામીશ્રી રામાનંદાચાર્યજી

ભારતની ધરતી પર સમયે સમયે ધર્મવીરો, કર્મવીરો, યુદ્ધવીરો અને આધ્યાત્મવીરોની રત્નમાળ સર્જાતી રહી છે. એટલે જ ભારતની ધરતીને "बहुरत्ना वसुधरा" કહેવામાં આવે છે. આજે જેમ સ્વામી વિવેકાનંદ લાખો યુવાનોના પ્રેરણામૂર્તિ છે તેમ મધ્યાકાલિન યુગમાં ભારતવર્ષમાં હજારો ભારતીયોના પ્રેરણામૂર્તિ હતા. તેમનું નામ છે, જગદગુરૂ રામાનંદાચાર્ય. જેમનો સર્વધર્મ સમન્વય એ આજના જમાનામાં દુનિયાને ભારતની એક સૌથી મોટી દેન છે. મારે ૧૪મી સદીમાં પ્રગટેલ પ્રખર હિંદુધર્મ ઉદ્ધારક અને સંઘર્ષ નહીં સમન્વય દ્વારા માનવધર્મ અને માનવ સંસ્કૃતિને પાંગરવાનો સંદેશો આપનાર રામ-ભક્ત, સમાજસુધારક અને વર્ણભેદને જડમૂળથી ઉખેડી નાખવાની હાકલ કરનાર જગદ્ ગુરુ સ્વામી રામાનંદાચાર્યજીની ૨, ફેબ્રુઆરીએ ૭૨૪મી જન્મજયંતીએ વંદન કરી ચિંતન – મનન કરીએ.

ભારતની ધરતી પૂણ્ય ધરતી છે; અને ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રધાન અને પ્રાચીન છે. ઘણા પ્રાચીન કાળથી ભારતમાં ધર્મનું મહત્ત્વ સ્વીકારાયું છે. ધર્મ એ સમાજનો પ્રાણ છે. ધર્મ-કર્મ, જ્ઞાન અને ભક્તિનું બીજું નામ છે. ભારતનો ધાર્મિક ઇતિહાસ જોતાં જણાય છે કે, કર્મ, જ્ઞાન અને ભક્તિ વગર ધર્મ વિકલાંગ છે. ધર્મ-કર્મ વગર અપંગ, જ્ઞાન વગર આંધળો અને ભક્તિ વિનાનો ધર્મ નિષ્પ્રાણ છે. ભારતીય ધર્મમાં ભક્તિમાર્ગની પરંપરા મૂળ વેદોમાં ગવાયેલી છે. વેદકાળ પહેલાંની સંસ્કૃતિ હડપ્પા, મોહેં-જો-દડો, લોથલ વગેરે સ્થળોના અવશેષોના અભ્યાસથી જણાય છે કે, પ્રાચીનકાળમાં પણ ભક્તિ વિદ્યમાન હતી. ભક્તિમાર્ગની પરંપરા શૈવ અને વૈષ્ણવ સંપ્રદાય એમ મુખ્ય બે ધારાઓમાં વહેતી થઈ. સમયાંતરે સમાજની ધાર્મિક વ્યવસ્થા જર્જરિત થવા લાગી, વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતા ચુસ્ત બની, તીર્થસ્થાનોમાં દેવમંદિરોમાં શ્રદ્ધા-ભક્તિના સ્થાને આડંબર, અકર્મરણ્યતા અને પ્રદર્શનનું સામ્રાજ્ય વધવા લાગ્યું અને મધ્યકાળમાં મુસ્લિમોનાં આક્રમણો પણ વધવા લાગ્યાં, સામાજિક માહોલ એવો ઊભો થયો. લોકો એકબીજા પ્રત્યે દ્વેષ, ઈર્ષ્યા અને કડવાશથી વર્તતા. હિંસાનું તાંડવ નૃત્ય થઈ રહ્યું હતું. ધર્મ અને સમાજ બંને ચુસ્ત રૂઢિઓથી ગ્રથિત હતો. માનવતા નિષ્પ્રાણ થઈ ગઈ હતી. મધ્યકાલીન યુગના ધાર્મિક ઇતિહાસમાં જગદ્ ગુરૂ રામાનંદાચાર્યજી એવી વિભૂતી હતા. આવા વિષમ-વિકટ સમયે માનવજીવનને નવું જીવન અને પ્રેરણા આપવાના હેતુથી જગદ્ ગુરૂ રામાનંદાચાર્યના શંખનાદ સાથે પ્રાદૂર્ભાવ

– ડૉ.કિશોર સાધુ
પ્રકાશન અધિકારી
ગુજરાત રાજ્ય સહકારી સંઘ,
અમદાવાદ.
ફોન. - ૯૪૨૭૬ ૨૦૧૩૨

થયો. ડૉ. બડથ્વાલના શબ્દોમાં — युग युग से जमे हुए घने अंधकारकी आकाश को दृढ प्राचीरें आत्मा को बंदी बनाये रहती है. अन्यायकी कारामें व्यक्ति स्वातंत्र्य यंत्रणा की असह्रदयता से कराहता रहता है. अवसादभरा जगत परित्राण की आशा को सर्वदा के लिये त्याग देता है. जान पडता है कि हसती खेलती सरलता के दिन कभी लौटेंगे नहीं. सहसा एक दिव्य विभूती धरातल पर उतर आती है. और दुर्भेद प्राचीरें खडखडा ते ढह पडती है. लोह श्रृंखलाए झनझन टूट गीरती है. व्यक्ति की यंत्रणाए फू उड जाती है. और स्वातंत्र्य का सूर्य उसे तपाये सोने कि आभासें मढ देता है !

ભક્તમાળમાં ચર્તુઃ સંપ્રદાયના આચાર્ય અને કલિયુગના ભક્તોનું વર્ણન ગાન છે. તેના ૨૮માં છપ્પયમાં લખ્યું છેઃ ચોબીસ પ્રથમ હરિ વપુ ધરે, ત્યૌં ચતુર્વ્યૂહ કલિયુગ પ્રગટ । 'શ્રી રામાનુજ' ઉદાર, સુધાનિધિ અવનિ કલ્પતરું, 'વિષ્ણુ સ્વામિ' બોહિત્ય સિન્ધુ, સંસાર પાર કરું।। 'મધ્વાચારજ' મેઘ ભક્તિ સર ઉસર ભરિયા, 'નિમ્બાદિત્ય' આદિત્ય કુહર અજ્ઞાન જુ હરિયા।। જનમ કરમ ભાગવત ધરમ, સંપ્રદાય થાયી અઘટ, ચોબીસ પ્રથમ હરિ વપુ ધરે, ત્યૌં ચતુર્વ્યૂહ કલિયુગ પ્રગટ।।૨૮।।

ધરતી પર જ્યારે જ્યારે અત્યાચાર, શોષણ, અન્યાય અને હિંસાચાર વધી જાય છે ત્યારે કોઈ મહાપુરૂષ અવશ્ય જન્મ ધારણ કરે છે. જે પ્રકારે પહેલા ત્રણ યુગમાં ભગવાને ચોવીસ અવતાર લીધા એ જ પ્રકારે કલિયુગમાં આચાર્યોનો ચતુર્વ્યૂહ પ્રગટ થયો. જેમાં શ્રી સમ્પ્રદાયના સંવર્ધક દક્ષિણ ભારતમાં શ્રી રામાનુજાચાર્ય, વિષ્ણુ સ્વામી, મધ્વાચાર્ય, નિમ્બાકાચાર્ય અને ઉત્તર ભારતમાં શ્રી રામાનંદાચાર્યજી થયા. એ મહાન ઉદ્ધારક, ક્રાંતિના જન્મદાતા અને ઉદાર હતા. પોતાના ચિંતન, નિર્ણય અને કર્મયોગથી યુગ ચેતનાને પ્રભાવીત કરી, શરણાગતોને અપનાવી પ્રેમામૃત અને જ્ઞાનામૃતના અગાધ સમુદ્ર થકી જનસમુદાયના સાચા પથદર્શક બન્યા. આ પૃથ્વી પર ભક્તોની અભિલાષાઓને પૂર્ણ કરવાને માટે સાક્ષાત્ કલ્પવૃક્ષ હતા. કલિકાળના પાષાણ યુગમાં આ આચાર્યોએ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી માનવકલ્યાણ માટે જનજનમાં ભવતારક જ્ઞાન — વૈરાગ્ય અને ભક્તિભાવ ભરી દીધા. તેમણે સમજાવ્યું કે, માણસને મજબૂત બનાવે, મુશ્કેલીઓ, તકલીફો કે અવરોધો સાથે બાથ ભીડતા શીખવે તે ભક્તિ છે. માનવોમાં રહેલી માનવતાને મહેંકતી કરે તે ધર્મ છે. ભારતની ભૂમિના આપણા પૂર્વજોએ માનવને પ્રકૃતિમાંથી સંસ્કૃતિ ભણી દોરી જવા ખૂબ મથામણ કરી છે. સમગ્ર જીવન સત સનાતન ધર્મની પ્રતિષ્ઠા માટે અર્પી દીધું.

૧૪મી સદીના મુસ્લિમ આક્રમણોના સંપ્રપાત કાળમાં ભક્તિ આંદોલનને નેતૃત્વ જગદ્ ગુરુ સ્વામી શ્રી રામાનંદાચાર્યજીએ પૂરું પાડ્યું. ઉત્તર ભારતના ધાર્મિક વાતાવરણથી સંપૂર્ણ રીતે પરિચિત સ્વામી રામાનંદાચાર્યજીએ પોતાના આકર્ષક વ્યક્તિત્વ અને ઉદાર ભક્તિ સિદ્ધાંતોના આધારે ભગવાન શ્રી રામચંદ્રની લોક રક્ષક તરીકે સ્તુતિ કરી. તેમને મર્યાદા પુરુષોત્તમના રૂપમાં સ્વીકાર્યા. તેમના જ પ્રેમ અને ભક્તિને મોક્ષનું સાધન માની જાતિ કે ધર્મનાં બંધન વિના ધર્મનો ઉપદેશ આપ્યો.

દાસ્યભક્તિ ભાવનાના પ્રખર પ્રચારક બન્યા. માનવજીવનને નવું જીવન અને પ્રેરણા આપી. તેમણે જનસમાજને અનુશાસિત તથા મર્યાદિત જીવન જીવવા રામના જીવનમાંથી પ્રેરિત કર્યા. તેમણે જનસમુદાયને 'શ્રી રામાય નમઃ' મંત્ર આપ્યો. તેમણે જણાવ્યું કે ભક્તિ એ હૃદયની નૈર્સગિક ભાવના છે. ભક્તિ માનસિકરૂપે ઈશ્વરનું સતત ચિંતન છે. જગદ્ ગુરુ રામાનંદાચાર્યજીમાં દાર્શનિક ભાવ જેટલો જ ધાર્મિક ભાવ પણ ઉચ્ચકોટીનો હતો. તેમણે ભક્તિના પાયા પર દર્શનના સુદૃઢ મંદિરનું નિર્માણ કર્યુ. ભક્તિનો સંબંધ હૃદય સાથે છે તેથી કોઈ પણ વર્ણની વ્યક્તિ હોય, રામનું દ્વાર તેમના માટે ખુલ્લું છે.

રામાનંદાચાર્યજીએ સમતાનો પ્રચાર કર્યો. ઘોષણા કરી કે રામની ભક્તિ સમસ્ત જાતિ-ભેદોથી ઉપર છે. આ ઉપરાંત તેમણે માનવજીવનમાં અખાદ્ય વસ્તુઓના સેવનને નિષેધ ઠેરવ્યું. ભારતની ભયગ્રસ્ત પ્રજાને તમામ ભય જેવાં કે અસલામતી, નિર્ધનતા, લોભ-લાલચ, બદનામી, મૃત્યુ વગેરેમાંથી બહાર લાવી નિર્ભયતાથી જીવન જીવવાના કળા શીખવી. હિન્દુ ધર્મમાં પ્રસરેલી ધાર્મિક સંકુચિતતા સામે બળવો પોકારનાર પ્રથમ સંત રામાનંદાચાર્ય હતા. તેમણે રામનું નિત્ય ચિંતન હૃદયમાં રાખી રામ સ્મરણનો મહિમા સમજાવ્યો. સમગ્ર ભારતની યાત્રા કરી. ગામડે ગામડે રામમંદિરનું નિર્માણ કરવાની અલખ જગાડી. પ્રાણીમાત્રને ભક્તિનો અધિકાર આપ્યો. હવા, વરસાદ, તડકો જેમ સાર્વજનિક અને સાર્વભૌમિક છે, તેમ ભક્તિ બધા માટે ઉપયોગી છે, ભગવાનની આરાધનામાં ઊંચનીચ કે સ્રી-પુરૂષના કોઈ ભેદભાવ નથી. તેમના શિષ્યમાં ભક્તમાળાના ૩૬મા છપ્પયમાં લખ્યું છે કે, : શ્રી રામાનંદ રઘુનાથ જ્યોંદ્રુતિય સેતુ જગ તરન કિયો ॥ અન્તન્તાનંદ, કબીર, સુખા, સુરપુરા, પદ્માવતી, નરહરિ, પીપા, ભાવાનંદ, રૈદાસ, ધના, સેન, સુરસુર કી ધર હરિ ॥ ઔરો શિષ્ય પ્રશિષ્ય એક તે એક ઊજાગર જગ મંગલ આધાર ભક્તિ દશધા કે આગર ॥ બહુ કાલ વપુ ધારિ કૈ પ્રણત જતન કો પાર દિયો, શ્રી રામાનંદ રઘુનાથ જ્યોં દુતિય સેતુ જગ તરન કિયો ॥૩૬ ॥ સરળતા, ઉદારતા અને લોકચાહનાને કારણે રામાનંદાચાર્ય પુષ્કળ લોકપ્રિયતા મેળવી શક્યા. ધર્મચ્યુત હિન્દુઓ અને મુસલમાનોને અપનાવી ક્રાંતિકારી પગલું ભર્યું. જીવ અને ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત કરવાના જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ એમ ચારેયે માર્ગ અપનાવ્યા, પરિણામે આધુનિક ભારતીય સમાજનું પવિત્ર વાતાવરણ નિર્માણ પામ્યું છે. તેનો શ્રેય ચોક્કસ રામાનંદાચાર્યજીને આપી શકાય. જગદ્ ગુરુએ માનસિક ક્રાંતિ લાવી માનવ માત્રમાં ભક્તિ ભાવના જાગરૂક કરી સામાજિક કુરિવાજો અને દુર્ગુણોને મૂળમાંથી ઉખાડી નાખ્યા.

આ પ્રખર સંતનો જન્મ માધકૃષ્ણ સપ્તમી વિક્રમ સંવત ૧૩૫૬માં વશિષ્ટ ગોત્રીય શુક્લ યજુર્વેદીય કાન્યકુબ્જ બ્રાહ્મણ પરિવારમાં પ્રયાગરાજમાં થયો. પિતાનું નામ પંડિત શ્રી પુણ્ય સદન શર્મા અને માતા શ્રીમતી સુશિલાદેવી હતું. જન્મનું નામ રામાનંદ હતું. 'રામાનંદ : સ્વયં રામઃ પ્રાદૂર્ભતો મહીતલે!'

એટલે કે સ્વયં રામનો અવતાર હતા રામાનંદાચાર્યજી.

શ્રી રામાનંદાચાર્યજીએ સંસારી જીવોને ભવસાગર પાર કરાવવા માટે પોતાની શિષ્ય-પ્રશિષ્ય પરંપરા રૂપ ભક્તિ સેતુનું નિર્માણ કર્યું, છપ્પયમાં જણાવ્યાં મુજબના મુખ્ય બાર સર્વપ્રધાન શિષ્ય હતા. જે એકથી એક વધીને પ્રતાપી થયા છે. તેમણે હૃદયની કોમળતા તથા કરુણાભાવથી ભક્તિમય પ્રેમપ્રવાહનું મીઠું ઝરણું વહાવી પોતાનો ઉપદેશ સંસ્કૃત ભાષાને બદલે પ્રાદેશિક ભાષામાં આપવાનું ક્રાંતિકારી પગલું ભર્યું. તેમના શિષ્યોએ પણ તે પરંપરાને ચાલુ રાખી રામના મહિમાને ગાયો અને ઘરે ઘર પહોચાડ્યો. જગદ્ ગુરુ એ સર્વધર્મ સમભાવથી મુસ્લિમોને સમજાવ્યું કે, આ સંપૂર્ણ જગત એક જ પરમાત્માથી ઉત્પન્ન થયું છે.

ઈશ્વરે બધાંને ભજન-સાધના માટે મનુષ્ય શરીર આપ્યું છે. તેમ છતાં બીજાના ધર્મને તમે હાનિ શા કારણે પહોંચાડો છો? ઈશ્વર કેવળ તમારા જ નથી. પ્રાણી માત્રના પાલક છે. આખો સંસાર એમનામાં અને તેઓ બધામાં રમી રહ્યા છે. રામ અને રહીમ, ઈશ્વર અને અલ્લાહ આ નામના જ ભેદ છે. તત્વતઃ ઈશ્વર એક જ છે. જ્યાં સુધી આવી ભાવના નહીં થાય, ત્યાં સુધી પોતાના ધર્મનું પાલન અને સુખ-શાંતિ પ્રાપ્ત નહીં થાય. આ શિરમોર ચિંતને ભારતીય પ્રજાને અને રાષ્ટ્રને દિશા ચીંધી. શ્રી રામાનંદાચાર્ય સ્વામીએ બાદશાહ ગ્યાસુદ્દીન તુઘલખને મળીને, જજીઆ વેરો, હિંદુઓનાં મંદિરો તોડવા નહીં , નવા મંદિરો બનતા અટકાવવા નહીં, વિવશતાપૂર્વક કોઈને મુસલમાન ન બનાવવા, ગૌહત્યા બંધ કરાવવી, હિંદુ ધર્મગ્રંથોનો નાશ ન કરવો, સ્ત્રીઓનું અપહરણ, મંદિરમાં આરતી-શંખ ધ્વનિ થવા દેવા, કુંભમેળા ઉપરનો કર દૂર કરાવ્યો. ઉત્સવ, તિથિ, તહેવાર ઊજવવા પર થતી મુશ્કેલીઓ દૂર કરાવી. આમ, વિવિધ મુશ્કેલીઓ દૂર કરી. હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું. બાદશાહ ગ્યાસુદ્દીને તે મંજૂર કરી સમગ્ર દેશમાં તેની જાહેરાત કરી.

સર્વત્ર શ્રી સ્વામી રામાનંદાચાર્યજીનો જય જયકાર થવા માંડ્યો. ધર્મ પરિવર્તન કરાયેલા લાખો હિંદુઓને પુનઃ ધર્મમાં પરત સ્થાન આપ્યું. જગદ્ ગુરુ રામાનંદાચાર્યજીએ વેદ, ઉપનિષદ, ગીતા ઉપર ભાષ્ય રચ્યું. જે આનંદ ભાષ્ય તરીકે વિખ્યાત છે. તેમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું સુંદર વર્ણન છે. હિંદી સાહિત્યના ઈતિહાસમાં આચાર્ય રામચન્દ્ર શુક્લ નોંધે છે, રામાનંદજી એ રચેલા માત્ર બે સંસ્કૃત ગ્રંથ મળે છે — વૈષ્ણવમતાબ્જ ભાસ્કર અને શ્રીરામાર્ચન પદ્ધતિ. તેમણે જગ પ્રસિદ્ધ હનુમાનજીની આરતીની રચના કરી છે. આરતી કીજે હનુમાન લલા કી...  શ્રી રામેશ્વરમમાં શૈવ-વૈષ્ણવોના ઘોર વિરોધમાં ભગવાન શિવનું પૂજન કરી વૈષ્ણવોને દર્શન કરવાની મુશ્કેલી દૂર કરી. આમ, અંતે ભારતીય સંસ્કૃતિની ખીલવણી કરી. ભક્તિભાવનાનું ઝરણું સમગ્ર ભારત વર્ષમાં વહેવડાવી જગદ્ ગુરુશ્રીએ વિક્રમ સંવત - ૧૫૩૨ ચૈત્ર શુક્લ નવમી શ્રી રામનવમીના દિવસે ઇહલોક લીલા સંકેલી નિજ સ્વરૂપમાં અંતર્ધાન થયા.

## 'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૧૯થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૪૫,૦૦૦/- | ૮૦,૦૦૦/- |
| ૨. અડધું પાન | ૩,૫૦૦/- | ૧૬,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- |
| ૩. પા પાન | ૨,૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૧૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ૪. શુભેચ્છા | ૧,૫૦૦/- | ૮,૦૦૦/- | ૧૨,૦૦૦/- | ૨૦,૦૦૦/- |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૦૦/-

**'સહકાર' વિશેષાંક**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈલ પાન - ૪ | ૩૦,૦૦૦/- |
| ૨. | ટાઈલ પાન - ૨ / ૩ | ૨૦,૦૦૦/- |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૦,૦૦૦/- |
| ૪. | અંદરનું આખું પાન | ૫,૦૦૦/- |
| ૫. | અંદરનું અડધું પાન | ૩,૦૦૦/- |
| ૬. | અંદરનું પા પાન | ૨,૦૦૦/- |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૭,૦૦૦/-

| 'ગ્રામસ્વરાજ' માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન - ૪ | ૫,૦૦૦/- | ૫૦,૦૦૦/- |
| ૨. ટાઈટલ પાન - ૨ / ૩ | ૪,૦૦૦/- | ૪૦,૦૦૦/- |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૫. પા પાન | ૧,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૬. શુભેચ્છા | ૫૦૦/- | ૫,૦૦૦/- |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-01-2024)

# સ્વામી વિવેકાનંદ અને માતૃભૂમિ ભારત

- ઓ અમૃતત્વ પુત્રો ! મારા દેશવાસીઓ ! આ આપણી રાષ્ટ્રનૌકા આપણી સંસ્કૃતિને સાથે લઈને, સમસ્ત વિશ્વને સમૃદ્ધ કરતી કરતી યુગોથી તરતી રહી છે, અસંખ્ય ઉજ્જ્વળ સદીઓથી આ આપણી રાષ્ટ્રનૌકા સંસારસાગરમાં ફરી રહી છે અને લાખો જીવોને જીવનસાગરને પેલે પાર લઈ જઈને સર્વ દુ:ખોમાંથી એમને મુક્ત કરી રહી છે. આજે તમારે વાંકે કે બીજા કોઈપણ કારણે એમાં ગાબડું પડ્યું છે અને એને નુકસાન પહોંચ્યું છે. હવે એમાં બેઠેલા તમે સૌ શું કરશો? શું તમે એ નૌકાને ગાળો દીધા કરશો ને આપસમાં ઝઘડ્યા કરશો ? શું તમે સૌ ભેગા મળીને એ ગાબડું બંધ કરવાના કાર્યમાં તમારી પૂરી તાકાતથી લાગી નહિ જાઓ ?
- બંધુઓ ! ચાલો આપણે સૌ કામે લાગી જઈએ. આ સમય સૂઈ રહેવાનો નથી. આપણા કાર્ય ઉપર ભાવિ ભારતના આગમનનો આધાર છે. ભારતમાતા તૈયાર થઈને રાહ જોઈ રહ્યાં છે. એ માત્ર સુષુપ્ત દશામાં પડેલી છે. ઊઠો, જાગો અને આ આપણી માતાને પુનરુત્થાન પામેલી, પૂર્વે હતી તેના કરતાંય વધુ પ્રતાપી, પોતાના સનાતન સિંહાસન પર અહીં જ વિરાજમાન થયેલી નિહાળો.
- તમારા જ્ઞાનતંતુઓને મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતા રહ્યા છીએ; હવે રોવાનું મૂકીને તમારા પોતાના પગ ઉપર ખડા થાઓ અને મર્દ બનો. મનુષ્યને મર્દ બનાવે એવા ધર્મની આપણને જરૂર છે, એને મર્દ બનાવે એવા સિદ્ધાન્તોની આપણને જરૂર છે. અને એને સર્વ પ્રકારે મર્દ બનાવે એવી કેળવણીની આપણને જરૂર છે અને સત્યની કસોટી આ છે : જે કોઈ વસ્તુ તમને શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ નિર્બળ બનાવે તેને ઝેર સમજીને દૂર કરો, એમાં કશા પ્રાણ ન હોઈ શકે. એ ખોટી જ હોય. સત્ય એટલે શક્તિ, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે પૂર્ણજ્ઞાન. સત્ય તો શક્તિ આપે, પ્રકાશ આપે, સ્ફૂર્તિ આપે.
- ગુલામોને માટે સ્વાભાવિક એવી ઈર્ષ્યા એ આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યનું કલંક છે. આવી ઈર્ષ્યાને કારણે સર્વશક્તિમાન ઈશ્વર પણ આપણા માટે કશું કરી શકયો નથી. મારી બાબતમાં તો એમ જ માનો કે મેં મારું સઘળું કર્તવ્ય પૂરું કર્યું છે અને હું તો હવે મરી પરવાર્યો છું; હવે સઘળું કાર્ય તમારા સ્કંધ ઉપર આવી પડ્યું છે એવું માનો. ઓ ભારતના નવયુવાનો ! ખ્યાલ રાખો કે આ કાર્ય કરવાનું વિધિએ તમારા માટે નિર્માણ કર્યું છે. માટે આ કાર્યમાં લાગી જાઓ.
- મને સંપૂર્ણ ખાતરી થઈ છે કે કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્ર બીજા સમૂહોથી પોતાની જાતને અલગ રાખીને જીવી શકે નહિ જે નિયમની પ્રથમ શોધ અને પરખ કરનાર આપણા પૂર્વજો હતા તેનો જ ભંગ કરવાનાં પરિણામોના આપણે પ્રત્યક્ષ પદાર્થ પાઠ બન્યા છીએ. એ નિયમ છે આપ - લેનો. અને જો ભારત પોતાને ફરીથી ઉન્નત બનાવવા માગતું હોય તો તેણે પોતાનો જૂનો ખજાનો બહાર લાવીને દુનિયાની પ્રજાઓમાં છૂટે હાથે વહેંચી દેવો જોઈએ, અને બદલામાં બીજાઓ પાસેથી તેઓ જે આપી શકે તે લેવા તૈયાર રહેવું જોઈએ. વિસ્તાર એ જીવન છે, સંકુચિતતા એ મૃત્યુ છે. **- સ્વામી વિવેકાનંદ**

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza,
B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat